
સંતવાણી ગ્રંથાવલિ ૧૪

# સંત કબીર



# સંત કબીર

## (Sant Kabir)

લેખન-સંપાદક

**સ્વ. શ્રી જયંતીલાલ મણિલાલ મહેતા,** બી.એ.

**શ્રી ચંદ્રકાંત મણિલાલ મહેતા,** એલએલ. બી.

(નિવૃત્ત) જજ, લેબર કોર્ટ, વડોદરા

**નવજીવન પ્રકાશન મંદિર**

અમદાવાદ-૩૮૦ ૦૧૪

આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ. ૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.

**પ્રાપ્તિસ્થાન**

(૧) નવજીવન પ્રકાશન મંદિર
ગૂજરાત વિદ્યાપીઠની પાછળ, પો. નવજીવન, અમદાવાદ-૧૪

(૨) નવજીવન ટ્રસ્ટ (શાખા),
૧૩૦, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૨

(૩) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, શિવાનંદ માર્ગ, અમદાવાદ-૧૫

(૪) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ ભવન, રામજી મંદિરની પોળ, સરકારી પ્રેસ સામે,
આનંદપુરા, વડોદરા-૩૯૦ ૦૦૧

(૫) દિવ્ય જીવન સંઘ, શિશુવિહાર, ભાવનગર-૩૬૪ ૦૦૧

(૬) દિવ્ય જીવન સંઘ,
મોહન ઑપ્ટિશિયન, આઝાદ ચોક, વલસાડ-૩૯૬ ૦૦૧

**દશ રૂપિયા**

© ગુજરાત દિવ્ય જીવન સંઘ

ત્રીજી આવૃત્તિ, પ્રત ૩,૦૦૦, જૂન ૧૯૯૯
પુનર્મુદ્રણ, પ્રત ૩,૦૦૦, ઑક્ટોબર ૨૦૦૬
કુલ પ્રત : ૬,૦૦૦

ISBN 81-7229-237-6 (set)

મુદ્રક અને પ્રકાશક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

# પ્રકાશકનું નિવેદન

નવજીવન અને દિવ્ય જીવન સંઘના સંયુક્ત ઉપક્રમે 'સંતવાણી ગ્રંથાવલિ'નો ૨૮ પુસ્તિકાઓનો આ સંપુટ વાચકોના હાથમાં મૂકતાં આનંદ થાય છે.

સર્વધર્મસમભાવના ઉદ્દેશને ધ્યાનમાં રાખી આ 'સંતવાણી ગ્રંથાવલિ' સંપુટ બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદજીની શતાબ્દી નિમિત્તે ગુજરાત દિવ્ય જીવન સંઘ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. તે તૈયાર કરવામાં અનેક મિત્રોનો સહકાર મળ્યો હતો. છતાં તેની પાછળની એકધારી મહેનત સ્વ. ઉચ્છરંગભાઈ સ્વાદિયાની હતી તે નોંધવું જોઈએ.

આ ગ્રંથાવલિની પહેલી આવૃત્તિ ચપોચપ ઊપડી ગયા પછી ૧૯૮૫માં તેનું પુનર્મુદ્રણ કરવામાં આવ્યું હતું. પરંતુ તેય પહેલી આવૃત્તિની જેમ જ ઝડપથી વેચાઈ જતાં ગ્રંથાવલિ ઘણાં વરસથી ઉપલબ્ધ ન હતી.

ગાંધીજી પ્રસ્થાપિત સંસ્થાની બધા ધર્મોની સાચી સમજણ ફેલાવવાની જવાબદારી છે. વળી ઉચ્ચ શિક્ષણમાં હવે મૂલ્યશિક્ષણ તથા તુલનાત્મક ધર્મોના શિક્ષણનું મહત્ત્વ વધતું જાય છે. કેન્દ્ર સરકારના યોજના પંચે મૂલ્યોના શિક્ષણને પ્રોત્સાહન આપવાનું સમર્થન કર્યું છે. આને અનુલક્ષીને આ પુસ્તક સંપુટ સામાન્ય વાચકો ઉપરાંત ઉચ્ચ શિક્ષણમાં કાર્ય કરતા સહુ કોઈને ઉપયોગી થઈ પડશે.

ગુજરાત દિવ્ય જીવન સંઘે આ ગ્રંથાવલિ આ યોજનામાં પુનર્મુદ્રણ માટે સુલભ કરી તે માટે અમે તેમના આભારી છીએ. 'સંતવાણી ગ્રંથાવલિ'ના આ પુસ્તક સંપુટના પ્રકાશનથી ગાંધીજીના સર્વ-ધર્મસમભાવનો સંદેશો સર્વત્ર વસતાં ગુજરાતી કુટુંબોમાં પ્રસરશે એવી આશા છે.

નવજીવન ટ્રસ્ટના દસ્તાવેજમાં તેના ઉદ્દેશોની પૂર્તિ સારુ જે જે પ્રવૃત્તિઓ કરવાનું સૂચવેલું છે તેમાં હિન્દમાં વસેલી બધી જુદી જુદી કોમો વચ્ચે ઐક્યનો પ્રચાર કરવાનું સૂચવવામાં આવ્યું છે. તે હેતુ માટે નવજીવને ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રસ્થાપિત કરેલા અનામત કોશમાંથી આ 'સંતવાણી ગ્રંથાવલિ'નું પુનર્મુદ્રણ જૂન ૧૯૯૯માં પ્રસિદ્ધ કરી રાહત દરે આપવામાં આવ્યું હતું.

'સંતવાણી ગ્રંથાવલિ'ની માંગ ચાલુ રહેતાં નવજીવન તરફથી તેનું આ ત્રીજું પુનર્મુદ્રણ પ્રસિદ્ધ કરવામાં આવી રહ્યું છે. અને તેની કિંમત સામાન્ય વાચકને પરવડે તેવી રાખવામાં આવી છે તે નોંધવા જેવું છે. અમને આશા છે કે સર્વધર્મસમભાવના પ્રચારાર્થે થતા આ પ્રકાશનને વાચકો તરફથી યોગ્ય આવકાર મળવાનું ચાલુ રહેશે.

તા. ૨-૧૦-'૦૬

# સદ્ગુરુ કબીર સાહેબ
## (સંક્ષિપ્ત જીવનવૃત્ત)

શ્રી સદ્ગુરુ કબીર સાહેબ મધ્યકાલીનં ભારતના એક મહાન યુગપુરુષ છે. સંતમતના તેઓ આદિ પ્રવર્તક છે. આત્મતત્ત્વના આ મહાન સિદ્ધ વિચારકના ઉપદેશથી ભારતની સંસ્કૃતિએ એક યુગપલટો જોયો. તે વખતે ઈસ્લામી શાસકોના પ્રભાવથી, ધર્માંધતાને લીધે માનવ માનવના ભેદ વધતા જતા હતા. તે વખતના મહાન વિચારકો તથા આત્મતત્ત્વના વિજ્ઞાનીઓની વિચારધારામાં એક નવી ચેતના પ્રકટી. અંધશ્રદ્ધા, જાતિભેદ પ્રત્યે ઘૃણા, નિરીશ્વરવાદ, વ્યક્તિપૂજા, હિંસા વગેરે બાહ્ય આચારવિચારોમાં ગ્રસ્ત સમાજને તેમણે એક નવી પ્રેરણા આપી. દંભી ગુરુઓ તથા અભિમાની, સમાજના ધુરંધર ગણાતા આગેવાનોની શબ્દજાળ પરખાવી તેમની પકડમાંથી જનસમાજને મુક્ત કરવાની એક અદ્વિતીય તક પૂરી પાડી.

સનાતન માનવધર્મના ઉચ્ચતમ આદર્શોને નિષ્પક્ષ રીતે સચોટ અને સીધીસાદી ભાષામાં સંસારમાં તેમણે પ્રકટ કર્યા. વિદ્વદ્વર ડૉ. પૅ. હજારીપ્રસાદજીના શબ્દોમાં કહીએ તો હજારો વર્ષના માનવજાતના ઈતિહાસમાં આવા પ્રતિભાસંપન્ન પુરુષ થયા નથી. તેઓ આધ્યાત્મિક જગતના વિશ્વસમ્રાટ હતા. તેમના વિચારોમાં રહેલી દિવ્ય મૌલિકતાથી જગતના વિદ્વાનોએ તેમની વાણી અને પવિત્ર ઉપદેશોનો આદર કર્યો. આજના વૈજ્ઞાનિક યુગમાં પણ ખૂણે ખૂણે તેમનાં ભજનો તથા સાખીઓ પ્રેમથી ગવાય છે. તેઓ સંતમતના આદ્ય પ્રણેતા છે. સંતોનો મત

નિવૃત્તિમાર્ગનો છે. પ્રવૃત્તિમાર્ગ અને નિવૃત્તિમાર્ગ એ ભારતીય સંસ્કૃતિની બે વિચારધારાઓ છે. સદ્‌ગુરુ કબીર સાહેબ નિવૃત્તિમાર્ગના પરમ પ્રધાન અધિકારી આચાર્ય છે.

ભારતની પુણ્યશાળી ભૂમિ પર અદ્વિતીય મહાપુરુષો પ્રકટ થયા છે. સદ્‌ગુરુ કબીર સાહેબનું સ્થાન તેમાં અજોડ છે. તેમણે ભારતવર્ષના ધાર્મિક અને સામાજિક જીવનમાં એક અપૂર્વ ક્રાંતિ પેદા કરી માનવજીવનના ઉચ્ચતમ આદર્શ વિચારોની રૂપરેખા જનસમાજને પ્રદાન કરી. તેમનો પ્રાદુર્ભાવ જ વિશ્વના કલ્યાણ માટે તથા માનવમાત્રના આધ્યાત્મિક ઉત્કર્ષ માટે હતો. ષટ્‌દર્શનોની પરંપરામાં અટવાયેલા સાધકોને એક નવી વિચારસરણી તેમણે સરળ શબ્દોમાં આપી છે. તેમણે આધ્યાત્મિક અપરોક્ષ અનુભૂતિના આદર્શને જીવનના મુખ્ય ધ્યેય તરીકે રાખીને જનસમાજને ઊંચી કક્ષા ઉપર ઉઠાવવાનો યત્ન કરેલો છે. તેમના વિચારોમાં ભારતીય ધર્મસાધનાનાં સર્વ ઉપયોગી અંગોનાં સારગ્રહી તત્ત્વનો નિચોડ નવા રૂપમાં સરળતાથી જોવા મળે છે. તેમની વાણીમાં જ્ઞાન અને ભક્તિનો સુમેળ તથા યૌગિક પરિભાષાઓના ઉપયોગી અંગ અને વૈદિક સનાતન ધર્મની અપરોક્ષ અધ્યાત્મતત્ત્વની અનુભૂતિ તથા પુરાણવર્ણિત નૈતિક આચારવિચાર તથા જગદ્‌ગુરુ શ્રી શંકરાચાર્યવર્ણિત માયાવાદનું ઉત્કૃષ્ટ રૂપથી આલેખન તથા માનવધર્મનું સાચું દર્શન જોવા મળે છે. તેમણે વિશ્વબંધુત્વની ભાવનાને વિસ્તારથી આમજનતાના હૃદયમાં પ્રજ્વલિત કરી. તેમણે ભારતમાં બ્રાહ્મણ ગ્રંથોના ભારથી લદાયેલા ધાર્મિક વિચારોમાં ક્રાંતિ પેદા કરી અને વર્ણાશ્રમ ધર્મની કઠોર ભાવનાથી

માનવસમાજની હીન ગતિને રોકી રાખી. વર્ણાશ્રમ ધર્મની ભાવનાથી માનવ માનવમાં ઊંચનીચના ભેદથી ભિન્નતા વ્યાપેલી હતી. કુળની મર્યાદાને સનાતન પ્રભુકૃત માની સમાજમાં છૂતાછૂત અને ભેદાભેદની ભાવના દઢ થયેલી હતી. અને એવો દુરાચાર ફેલાયો હતો કે અન્ય વર્ણોને જ્ઞાન અને ભક્તિનો સરળ માર્ગ મળવો પણ કઠિન થયો હતો. તેવી પરિસ્થિતિનો સદ્‌ગુરુ કબીર સાહેબે પોતાની ભાવનાથી ઉચ્છેદ કરી માનવધર્મની ઐક્યતાને સમાજમાં દઢ કરી અને ચારે વર્ણોમાં સાચા વૈષ્ણવજનની જ સર્વશ્રેષ્ઠ પદમાં સ્થિતિને કાયમ કરી. અહિંસાના ઉચ્ચતમ આદર્શોને ગહનતમ રૂપમાં આચરવાનો આદેશ આપ્યો. પ્રાણીમાત્રના હૃદયમાં જ રામ તથા રહીમ યા પ્રભુનો વાસ છે અને માનવશરીર જ સાચા પ્રભુનું ઉત્કૃષ્ટ મંદિર છે, અને તેમાં નિવાસ કરનાર ચેતન આત્મતત્ત્વ જ સાચો પ્રભુ છે અને તેથી કોઈના પણ દિલને દુ:ખ આપવું તે પણ તેમની દષ્ટિમાં હિંસા છે. સ્થૂળ હિંસા તો હિંસા છે જ, પણ સૂક્ષ્મ હિંસા તો તેથી પણ મોટી હિંસા છે. અહિંસા, સત્ય, અસ્તેય, અકામ, અક્રોધ, નિર્લોભ આદિને તેમણે ધર્મનાં મુખ્ય લક્ષણો ગણાવેલાં છે.

તેમનું કાવ્ય આત્માની કલા છે. તે આત્માના ઘાટ ઉપરથી હૃદયના ગહનતમ ઊંડાણમાંથી ગુંજીત થયેલું છે. સંતશ્રી ગરીબદાસજી સાહેબના શબ્દમાં સદ્‌ગુરુ કબીર સાહેબ માયાથી રહિત, જ્ઞાનસ્વરૂપ, ગગનમંડળમાં વિચરનાર, સુરતસિંધુના ગીતના રચનાર, આનંદનો ઉદ્‌ગમ, જ્ઞાન અને ભક્તિની સાકાર મૂર્તિ, જીવંત જગદીશ, ચાર વેદ, છ શાસ્ત્ર અને અઢાર

પુરાણોના પ્રકાંડ જ્ઞાતા, ન્યાયપ્રિય, જગદ્ગુરુ, શાંતિપ્રિય, મોહમાયાના વિનાશક, કર્મની રેખ પર મેખ મારનાર, અલખને લખાવનાર, શૂન્ય શિખરની સારશિલા પર દૃઢ આસન લગાવી ભંવર ગુફામાં રમનાર તથા જ્ઞાન આનંદસ્વરૂપ ચેતન તત્ત્વની પ્રત્યક્ષ અભિવ્યક્તિ હતા. તેઓ સ્વાભાવિક સિદ્ધપુરુષ હતા. તેમના સમયના અવિવેકી લોકોએ તેમની સાથે અનુચિત વ્યવહાર કરતાં તેમણે સ્વાભાવિક સિદ્ધિથી તેમને પરાસ્ત કર્યા.

**પ્રાકટ્ય**

આ વિશ્વવંદ્ય મહાપુરુષનું પ્રાકટ્ય પણ અલૌકિક રીતે થયું છે. જેવી તેમની વાણી દિવ્ય ચેતનાવાળી તથા પ્રભાવશાળી છે તેવું જ તેમનું સંસારમાં પ્રાકટ્ય પણ અદ્ભુત ઘટનાવાળું છે. તેઓ કાશીમાં લહરતારા નામના તળાવમાં કમળપત્ર ઉપર બાળક સ્વરૂપે નીરુજી અને નીમાને મળ્યા હતા. નીરુ જુલાહા વણકર પોતાની સ્ત્રી નીમાનું આણું કરી પોતાના ઘરે જતા હતા. રસ્તામાં નીમાને તૃષા લાગી. નીરુએ તેમને તળાવમાંથી પાણી પીવા કહ્યું, અને પોતે બહાર ઊભા રહ્યા. નીમા તળાવમાં પાણી પીવા ગયાં તો ત્યાં કમળના પત્ર ઉપર એક બાળક જોયું. તેમણે નીમાજીને બૂમ પાડી બોલાવ્યા અને તે બાળકને તળાવમાંથી બહાર કાઢી પોતાના ઘેર લઈ જવા આગ્રહ કર્યો. નીરુજીએ કહ્યું કે આપણે આણું કરીને પ્રથમ જ ઘેર જઈએ છીએ અને જો સાથે આ બાળકને લેતાં જઈએ તો લોકો આપણી હાંસી કરશે, અને તેથી બાળકને ઘેર લઈ જવા સંબંધી નીરુ અને નીમા વચ્ચે ઘણી આનાકાની થઈ. પરંતુ નીમાના અત્યંત આગ્રહને વશ થઈ નીરુ તે બાળકને ઉઠાવી પોતાના ઘેર લાવ્યા. તે સ્થાન આજે પણ

કાશી કબીર ચૌરામાં નીરુટીલ્હા તરીકે વર્તમાન છે અને ત્યાં નીરુજી તથા નીમાજીની સમાધિ પણ છે.

સદ્‌ગુરુ કબીર સાહેબ બીજક ગ્રંથમાં રમૈંની ૩૧માં કહે છે કે 'નિઝરૂ નીરુ જાનિ પરિહરિયા'. નીરુએ અવિનાશી તત્ત્વ(નિઝરૂ)ને જાણ્યા છતાં તેનો ત્યાગ કર્યો. તેમાં નીરુજીના નામનો ઉલ્લેખ છે. કેટલાક મહાત્માઓના વચનાનુસાર નીરુને ચેતાવવા માટે જ સદ્‌ગુરુ તેના ઘેર આવ્યા હતા. નીરુ પૂર્વજન્મના ભક્ત હતા. સદ્‌ગુરુ તેમને લહરતારામાં કમળપત્ર ઉપર મળ્યા તે વાત પણ નિર્વિવાદ ઈતિહાસપ્રસિદ્ધ છે. આચાર્ય સ્વામી રામાનંદજીના શિષ્ય સંત શ્રી અનંતાનંદજી રોજ લહરતળાવ પાસે જંગલ હોવાથી શૌચ માટે તથા સ્નાન માટે જતા હતા. ત્યાં તેમણે આકાશમાંથી એક જ્યોતિ ઊતરતી જોઈ અને તે ઘટના તેમણે શ્રી રામાનંદજી સમક્ષ વર્ણવી ત્યારે સ્વામીજીએ કહ્યું કે, 'મહાન ભાગવત પુરુષ જગતના ઉદ્ધાર માટે અવતાર લઈ રહ્યા છે.' તે જ દિવસે શ્રી કબીર સાહેબ બાળક સ્વરૂપે નીરુ તથા નીમાને કમળપત્ર ઉપર મળ્યા. શ્રીમદ્‌ભાગવતના છઠ્ઠા સ્કંધમાં બાર ભાગવતોનો ઉલ્લેખ છે. તેઓ બ્રહ્માજી, નારદજી, શંકરજી, સનત્કુમાર, કપિલદેવ, મનુ, પ્રહ્‌લાદ, જનક, ભીષ્મપિતામહ, બલિરાજા, શુકદેવજી તથા ધર્મરાજ છે. સ્વામી યોગીરાજ ગોવત્સજીએ તેમના 'વૈશનવ કબીર' નામના પુસ્તકમાં અગસ્તસંહિતા ગ્રંથમાં શ્રી રામાનંદાવતારોપાખ્યાનના પ્રકરણમાં આપેલા શ્લોકના આધારે પૃષ્ઠ સાત ઉપર લખેલું છે કે દ્વાદશ ભાગવતોમાંથી શ્રી પ્રહ્‌લાદજી, કલિયુગમાં કબીરજીરૂપે પ્રકટ થયા છે. તે બાર

ભાગવતો શ્રી રામાનંદ સ્વામીના શિષ્યો થયા તેનો ઉલ્લેખ તે પુસ્તકના પૃષ્ઠ નવ ઉપર છે કે બ્રહ્માજી અનંતાનંદ થયા, શંકરજી સુખાનંદ, નારદજી સુરસરાનંદ, સનત્કુમાર નરહરિયાનંદ, કપિલ યોગાનંદ, મનુ પીપા, પ્રહ્લાદ કબીર, જનક ભાવાનન્દ, ભીષ્મપિતામહ સૈનાજી, બલિરાજા ધનાજી, શુકદેવ ગાલ્વાનંદજી અને ધર્મરાજ રૈદાસજી નામથી થયા.

જ્ઞાની મુક્ત પુરુષો આચાર્યરૂપે કલ્પપર્યંત સંસારના જીવોના ઉદ્ધાર માટે વિચરતા રહે છે. તેઓ સ્વેચ્છાએ જ્યારે પ્રકટ થવા ઇચ્છે છે ત્યારે પ્રકટ થાય છે. તેમને માતાના ગર્ભમાં આવવાની આવશ્યકતા હોતી નથી. જેમ નૃસિંહઅવતાર સ્તંભમાંથી પ્રકટ થયો તેમ સ્વયંસિદ્ધ અમરજ્ઞાની પુરુષો પોતાની ઇચ્છા પ્રમાણે પ્રકટ થાય છે. તેમનું પ્રાકટ્ય સંપ્રદાયમાં પ્રસિદ્ધ માન્યતા પ્રમાણે સંવત ૧૪૫૫માં થયું. પરંતુ કેટલાક પ્રસિદ્ધ વિદ્વાનોએ તેમનો પ્રાદુર્ભાવ તેથી પહેલાં માનેલો છે. વળી મહારાષ્ટ્રના સંતોના સાહિત્યના આધારે તો તેમનો સમય સંવત ૧૨૫૫થી ૧૫૭૫ સુધીનો 'વૈશનવ કબીર'ના લેખક શ્રી સ્વામી યોગીરાજ ગોવત્સજીએ માનેલો છે. તેમણે દક્ષિણ ભારતના પ્રસિદ્ધ પૈશાચી ભાષાના ગ્રંથ 'પ્રસંગ પારિજાતમ્'નાં ઉદ્ધરણોથી તેમની માન્યતાને પુષ્ટિ આપેલી છે. મહારાષ્ટ્રના પ્રસિદ્ધ સંત સદ્‌ગુરુ શ્રી જ્ઞાનેશ્વર મહારાજ તથા શ્રી નામદેવજી તથા સંત શ્રી જનાબાઈ સમકાલીન હતાં. સંત શ્રી જનાબાઈએ તેમના અભંગમાં શ્રી કબીર સાહેબનો ઉલ્લેખ કરેલો છે:

'અભંગ બોલતા રંગ કીર્તની ભરલા,
પ્રેમાચેનિ છંદ વિઠ્ઠલ નાચું લાગલા.

નાચતા નાચતા દેવાચા ગળલા પીતાંબર,
સાવધ હોઈ દેવા અસા બોલે કબીર.
નામચાચી જની લોળે સંતાચ્યાં પાથીં,
કીર્તન પ્રેમરસ અખંડ દેઈગે વિઠાઈ.
(સાર્થ જ્ઞાનેશ્વરી : સં. શંકર વામન દડિકર)

વળી 'શ્રી જ્ઞાનેશ્વર મહારાજાચે ચરિત્ર'ના લેખક શ્રી પાંગારકરે સંત શ્રી જ્ઞાનેશ્વર તથા શ્રી નામદેવજીની તીર્થયાત્રાના માર્ગનું સવિસ્તર વર્ણન આપેલું છે. તેમાં ઉલ્લેખ છે કે તેઓ અયોધ્યા થઈને વારાણસીમાં શ્રી કબીરજીને મળ્યા. સંત શ્રી જ્ઞાનેશ્વરનો સમય શકે ૧૧૯૭ એટલે કે ઈ. સ. ૧૨૭૫ માનવામાં આવેલો છે. આમ મહારાષ્ટ્રના સાહિત્યના આધારે કબીર સાહેબનો સમય સંવત ૧૨૫૫થી સંવત ૧૫૭૫નો સિદ્ધ થાય છે.

પરમ ભક્ત સંત શ્રી ગોસ્વામી નાભાદાસજીએ તેમની ભક્તમાળ કે જે આશરે ઈ. સ. ૧૬૦૦ની આસપાસ લખાયેલી છે તેમાં પણ શ્રી રામાનંદ સ્વામીનો તથા કબીર સાહેબનો ઉલ્લેખ કરેલો છે. શ્રી રામાનંદ સ્વામી માટે ભક્તમાળમાં ઉલ્લેખ છે કે–

'બહુત કાલ વપુ ધારિ કૈ, પણત જનન કૌ પાર દિયો,
શ્રી રામાનન્દ રઘુનાથ જ્યોં, દુતિય સેતુ જગ તરન કિયો.'

શ્રી કબીર સાહેબ માટે તેમાં ઉલ્લેખ છે કે–

'કબીર કાનિ રાખી નહીં, વર્ણાશ્રમ ખટ દરશની,
ભક્તિ વિમુખ જો ધર્મ, સો અધરમ કરિ ગાયો.

જોગ જગ્ય વ્રત દાન, ભજન બિનુ તુચ્છ દિખાયો,
હિંદુ તુરક પ્રમાન, રમૈની શબ્દી, સાખી.
પક્ષપાત નહીં વચન, સબહી કે હિતકી ભાખી,
આરૂઢ દશા હોય જગત પર, મુખ દેખિ નાહિન ભની,
કબીર કાનિ રાખી નહીં, વર્ણાશ્રમ ખટ દરશની.'

સંત શ્રી ગરીબદાસજી તેમના ગ્રંથસાહેબમાં લખે છે કે –

ગગન મંડલસે ઉતરે, સદ્‌ગુરુ પુરુષ કબીર,
જલજમાંહિ પૌઢન કીયો, દોઉ દીન કે પીર.
કાશીપુરી કસ્ત કીયા, ઉતરે અધર અધાર,
મોમીન કો મુજરા હુઆ જંગલમેં દીદાર.
કાશીમેં પ્રકટ ભયે, લહરતાલાવમેં આન,
નીરૂ જુલહા ઉઠા કર લાયે, ચિન્હે ન પુરુષ પુરાન.

તે ગ્રંથ સંવત ૧૭૭૪ની આસપાસ લખાયેલો છે.

## ગુરુપ્રણાલી

સદ્‌ગુરુ કબીર સાહેબ તથા સ્વામી રામાનંદજીનો સૌથી પ્રથમ મિલાપ કાશીમાં ગંગાકિનારે ઘણી અદ્‌ભુત ઘટનારૂપે થયો હતો. શ્રી કબીર સાહેબ ગંગાકિનારે એક વખત બાળક સ્વરૂપે સવારમાં ચાર વાગ્યે ઘાટના એક પગથિયા ઉપર સૂઈ ગયેલા, તે વખતે ગંગાસ્નાન કરવા જતા સ્વામી રામાનંદજીનો પગ અડક્યો, અને બાળક રુદન કરવા લાગ્યું. ત્યારે સ્વામીજીએ કહ્યું: 'બચ્ચા, રામ રામ કહો.' તે રામનો મંત્ર લઈ તે વખતની પ્રણાલિકા પ્રમાણે તેમણે રામાનંદજીને ગુરુ તરીકે સ્થાપ્યા અને રામનામનો મંત્ર લઈ સદ્‌ગુરુ કબીર સાહેબ પોતાના નિવાસસ્થાને આવ્યા, અને કહેવા લાગ્યા કે રામાનંદ સ્વામીએ કૃપા કરી તેમને ગુરુમંત્ર

આપ્યો છે. લોકોમાં વાત પ્રસરી કે સ્વામી રામાનંદજીએ કબીર સાહેબને શિષ્ય બનાવ્યા. એટલે ઘણા લોકોને કુતૂહલ થયું કે આવા રૂઢિચુસ્ત સ્વામીજી કબીર સાહેબને કદાપિ શિષ્ય બનાવે નહીં. પરંતુ તેમને ક્યાં ખબર હતી કે સ્વામીજીની વિચારસરણી ઘણી ઉચ્ચ પ્રકારની, ભેદભાવ વિનાની હતી. તેમના બાર ભાગવત શિષ્યોમાં સૈનાજી નાઈ, પીપાજી રાજા, ધનાજી ખેડૂત, રૈદાસજી ચમાર આદિ અનેક હતા કે જેઓ પૈકી કેટલાક સમાજની દૃષ્ટિમાં અછૂત, નિમ્ન કોટિના હતા. પરંતુ તેઓ પૂર્વના મહાન ભાગવતો કલિયુગમાં વિશ્વબંધુત્વ તથા એકતાનો અમર સંદેશ આપવા અવતરિત થયેલા હતા. શ્રી રામાનંદજીના પ્રધાન બાર ભાગવત શિષ્યોમાં શ્રી કબીર સાહેબનું અગ્રસ્થાન હતું. ગુરુદીક્ષામંત્ર ધારણ કર્યા પછી તેઓ શ્રી રામાનંદ સ્વામીના મઠમાં જ નિવાસ કરવા લાગ્યા અને શ્રી રામાનંદ સ્વામીની જમાતમાં તેઓ તેમની સાથે જ ભારતવર્ષમાં ફરેલા તેનો ઉલ્લેખ 'પ્રસંગ પારિજાતમ્' નામના ગ્રંથમાં મળે છે, તે જ રામ મંત્રનું – ઓંકારયુત તેમણે તેમના શિષ્યોને પ્રદાન કર્યું:

રામ મંત્ર ઓંકારયુત, સત્ય દિયા નિજ નામ,
સાત્ત્વિક યજ્ઞ કરાય કર, કિયા સહજ અભિરામ.

## અનેક સ્થળોએ વિચરણ

કબીર સાહેબે પોતાની નાની વયમાં જ શ્રી રામાનંદ સ્વામીની જમાતમાં ઠેર ઠેર ફરી સત્યધર્મનો પ્રચાર કરી મનુષ્યની નૈતિક તેમ જ આધ્યાત્મિક ઉન્નતિ માટે ઉપદેશ આપવો શરૂ કર્યો હતો. તેઓનું વચન છે કે –

દેશ વિદેશન હૌં ફિરા, ગામ ગામ કી ખોરિ,
ઐસા જિયરા ના મિલા, લેવે ફટક પછોરિ.

(બી. પ. સા. ૬૩)

## કબીરવડ

ભારતના ચારે ખૂણે તેઓ ફર્યા હતા તેમ જ બલખબુખારા આદિ દેશોમાં પણ તેઓ પાછા ફર્યા હતા. ભારતના પ્રત્યેક ભાગમાં આજે પણ કબીરપંથી સંતોનાં મઠો તથા મંદિરો જોવામાં આવે છે. તેમના દક્ષિણ ભારતના પર્યટન વખતે તેઓ શ્રી રામાનંદ સ્વામીની જમાતમાં નર્મદાકિનારે શુકલતીર્થ ગામમાં પધારેલા તેની સામે નર્મદાકિનારે પંચગૌડાન્તર્ગત ઔદિચ્ય બ્રાહ્મણ કુળના તત્ત્વાજી તથા જીવાજી નામના બે ભાઈઓ રહેતા હતા. તે ઘણા જ સંસ્કારી અને શાસ્ત્રવિદ હતા. કાશીમાં શાસ્ત્રાભ્યાસ પૂર્ણ કરી તેઓ શ્રેષ્ઠ ગુરુની શોધમાં હતા. તેઓ ઘણે ઠેકાણે ગુરુની શોધમાં ફર્યા પરંતુ તેમને શ્રદ્ધા થાય તેવા યોગ્ય ગુરુ તેમને જણાયા નહીં. છેવટે તેઓ ઘેર આવી નર્મદાકિનારે જીવન વ્યતીત કરવા લાગ્યા અને પ્રતિજ્ઞા કરી કે જે સંતના ચરણામૃતથી વડની સૂકી ડાળીમાં કૂંપળો ફૂટે તેમને ગુરુ માનવા. તે અર્થે તેઓ જે કોઈ સંતમહાત્મા નર્મદાકિનારે પધારતા તેમની સેવા-સત્સંગ કરતા અને તેમનું ચરણોદક વડની સૂકી ડાળીમાં સિંચતા. તેમ કરતાં કરતાં શ્રી રામાનંદ સ્વામીની જમાત ત્યાં આવી પહોંચી તેમાં શ્રી કબીર સાહેબ પણ હતા. શ્રી કબીર સાહેબે તે મહાન ભક્તોની પ્રતિજ્ઞાની પૂર્તિરૂપે કમંડળમાંથી સૂકી ડાળી ઉપર જળ છાંટ્યું, ત્યાં તે ડાળીને કૂંપળો ફૂટી. શ્રી તત્ત્વાજી અને જીવાજી અતિ પ્રસન્ન થયા, અને તેમણે શ્રી રામાનંદ સ્વામીની આજ્ઞાનુસાર શ્રી કબીર

સાહેબને ગુરુ તરીકે સ્વીકાર્યા. તે ડાળીમાંથી વડવાઈઓનો વિસ્તાર થયો અને આજે જગપ્રસિદ્ધ કબીરવડ આપણને નર્મદા નદીમાં શુક્લતીર્થ પાસે બેટમાં જોવા મળે છે. લગભગ છસોથી સાતસો વર્ષથી પવિત્ર નર્મદા નદીના પ્રચંડ પ્રવાહમાં બેટમાં તે વિશ્વવિખ્યાત કબીરવડ અટલ, નીડર રીતે આજે પણ ઊભો છે, જે વિશ્વની અજાયબ ચીજોમાંનો એક છે. તે આજે પણ શ્રી તત્ત્વાજી અને જીવાજીની અમર ભાવનાનું તથા સદ્ગુરુ કબીર સાહેબના મહાન અલૌકિક ઐશ્વર્યનું જગતને ભાન કરાવે છે. તેનાથી ભારતવર્ષ ગૌરવશાળી છે.

## તત્ત્વાજી, જીવાજી

શ્રી તત્ત્વાજી તથા શ્રી જીવાજી બદલ ભક્તમાળમાં સંત શ્રી નાભાદાસજી લખે છે કે –

'તત્ત્વા' 'જીવા' દક્ષિણ દેશ બંસોદ્ધર રાજત વિદિત
ભક્તિ સુધા જલ સમુદ્ર ભયે બેલાવલિ ગાઢી,
પૂરવજા જ્યોં રીતિ, પ્રીતિ ઉત્તરોત્તર બાઢી.
રઘુકુલ સુદશ સુભાવ, સિષ્ટ ગુણ સદા ધર્મરત,
સુર, ધીર, ઉદાર, દયા પર, દક્ષં, અનન્ય, વ્રત.
પદમખંડ 'પદમાં પદ્ધતિ' પ્રફુલિત કર સવિતા ઉદિત,
'તત્ત્વા' 'જીવા' દક્ષિણ દેશ, બંસોદ્ધર રાજત વિદિત.

## જ્ઞાનીજી

તેમને સદ્ગુરુએ શ્રી બીજક ગ્રંથનો ઉપદેશ આપી જીવનમુક્ત સ્થિતિ પ્રાપ્ત કરાવી. તે જ સમયે શ્રી જ્ઞાનીજી મહારાજ ત્યાં આવી ચડ્યા. તેઓ શ્રી રામાનંદ સ્વામીના શિષ્ય શ્રી ખોજીજી મહારાજના શિષ્ય હતા. તેઓ પણ શ્રી કબીર સાહેબનો મહિમા

સાંભળી કબીરવડમાં આવ્યા અને તેમના ઉપદેશથી લાભાન્વિત થયા. તેમણે લખ્યું છે કે -

બટક બીજકી માંડમેં, અટક ભયા મન થીર,
જન જ્ઞાનીકા સંશય મિટા, સદ્‌ગુરુ મીલે કબીર.

## જીવણજી

નર્મદાકિનારા પર સાંજાપુર ગામમાં શ્રી જ્ઞાનીજીની ગાદી આવેલી છે. તેમના શિષ્ય શ્રી ગોપાલ દાસજી થયા અને શ્રી ગોપાલ દાસજીના શિષ્ય શ્રી જીવણજી મહારાજ થયા, જેમણે ઉદાધર્મની સ્થાપના કરી. તે ઉદાધર્મ આજે 'રામ કબીર'ના નામથી ગુજરાતમાં પ્રસિદ્ધ છે.

## ગિરનાર ઉપર પાદુકાસ્થાન

શ્રી કબીર સાહેબ તથા શ્રી રામાનંદ સ્વામીની પાદુકાનું સ્થાન સૌરાષ્ટ્રમાં જૂનાગઢ પાસે આવેલા ગિરનાર પર્વત ઉપર શ્રી ભૈરવશિલાની પાસે આવેલું છે.

## સિકંદર લોદી તથા બાવન કસોટી

તે સમયમાં સિકંદર લોદી દિલ્હીની ગાદી ઉપર હતો. તે શરીરે જ્વલનના રોગથી પીડાતો હતો. ઘણા વૈદ્યો તથા હકીમોની દવા કરી પણ તેને આરામ થયો નહીં, તેથી તેને તેમના ઉપરથી વિશ્વાસ ઊઠી ગયો. તેની માતા સાધુસંતોની સેવા કરતી હતી, તેથી સિકંદરને પણ સાધુસંતો તથા ફકીરો ઉપર ઘણી શ્રદ્ધા હતી. દ્વેષી લોકોએ તે તકનો લાભ લઈ બાદશાહને કહ્યું કે કબીર સાહેબ નામે સુપ્રસિદ્ધ મહાત્મા કાશીમાં રહે છે અને તેમનો ઘણો પ્રભાવ છે. તેઓ મહાન સિદ્ધ અને સ્વામી રામાનંદજીના પ્રધાન શિષ્ય છે. જો તેમનાં દર્શન થાય તો તેમના રોગનો અંત આવે.

તેથી બાદશાહ તુરત જ કબીર સાહેબના દર્શનાર્થે ગયા. કબીર સાહેબની દષ્ટિ પડતાં જ બાદશાહનો રોગ દૂર થયો અને તેને શાંતિ થઈ તેથી બાદશાહને શ્રી કબીર સાહેબ પ્રત્યે ખૂબ માન અને પ્રેમ ઉત્પન્ન થયાં. તેથી તેમણે તેમનો ભારે દબદબાથી સત્કાર કર્યો. કબીર સાહેબને તે સાચા ઈશ્વર સમજવા લાગ્યો.

બાદશાહે શ્રી કબીર સાહેબનું ભારે સન્માન કર્યું તેથી પંડિતો તથા કાજી મુલ્લાંઓ વધુ ક્રોધિત થયા અને કબીર સાહેબ વિરુદ્ધ ઘણી ખોટી ફરિયાદો બાદશાહના ગુરુ શેખતકી સમક્ષ કરી, અને કહ્યું કે કબીર સાહેબ મુસલમાનોને બહેકાવી હિંદુ બનાવી દે છે. ઈસ્લામ ધર્મ ઉપર સખત કટાક્ષ કરે છે. શેખતકી પણ કબીર સાહેબના પ્રભાવથી નાખુશ હતો. તેને થતું કે કબીર સાહેબના વધતા જતા પ્રભાવથી બાદશાહનો તેમના પ્રત્યે પ્રેમ વધી જશે અને રાજદરબારમાં તેની પ્રતિષ્ઠા ઓછી થશે. તેથી તેણે બાદશાહને કબીર સાહેબ વિરુદ્ધ અનેક ભ્રામક વાતો કહી સમજાવ્યું કે જો કબીર સાહેબંનો પ્રચાર ચાલુ રહેશે તો ઈસ્લામ ધર્મની જડ નાબૂદ થઈ જશે અને હિંદુઓનું જોર વધી જશે. તેથી કબીર સાહેબને તેમ કરતા અટકાવવા જોઈએ. આ સર્વ હકીકતોથી બાદશાહ ક્રોધે ભરાયો અને કબીર સાહેબને તેવો પ્રચાર ન કરવા કહ્યું. ત્યારે કબીર સાહેબે કહ્યું કે–

ભાઈ રે દો જગદીશ કહાં સે આયા,
અલ્લાહ રામ કરીમા કેશવ, હરિ હજરત નામ ધરાયા,
ગહના એક કનક તે ગહના, ઈનમેં ભાવ ન દૂજા.
(બી. ૨/૨૯)

* * *

હિંદુ તુરુક કહાંસે આયા, કિન યહ રાહ ચલાયા.
(બી. ૨/૨૫)

*   *   *

હિંદુ તુરક કી એક રાહ હૈ, સતગુરુ ઈહે બતાઈ.
(બી. ૨/૨૩)

હે બાદશાહ! હિંદુ અને તુરુકના ભેદ ક્યાંથી આવ્યા ? આ બંને ભિન્ન રસ્તા કોણે કાઢ્યા ? મનુષ્યમાત્ર જન્મ સમયે એક જ માતાના ગર્ભમાંથી એક જ પ્રકારનાં માંસ, હાડ અને રકતનું શરીર લઈને બહાર આવે છે. તો પછી હિંદુ, તુરુક, ઊંચનીચ, બ્રાહ્મણ, શૂદ્ર વગેરે ભેદ ક્યાંથી આવ્યા? તે કેવળ મનુષ્યની કલ્પના છે. બંનેના ઈશ્વર જુદા જુદા ક્યાંથી હોઈ શકે ? અલ્લાહ, રામ, કરીમ, કેશવ, હરિ, હજરત આદિ એક વસ્તુનાં ભિન્ન ભિન્ન નામો છે. જેમ સુવર્ણનાં અનેક આભૂષણો બનાવી તેનાં જુદાં જુદાં નામો આપવામાં આવે પણ સર્વમાં સુવર્ણ એક જ છે. તેમ ઈશ્વર પણ સર્વાત્મારૂપ સર્વનો એક જ છે. તેથી ભેદ વાસ્તવિક નથી. જો તે વાસ્તવિક ભેદ હોત તો મુસલમાન ગર્ભમાંથી જ સુન્નત કરાવીને આવત અને બ્રાહ્મણો ગર્ભમાંથી જ જનોઈ પહેરીને આવત. તે ઉપદેશથી બાદશાહ શાંત થયા. પરંતુ શેખતકીને શાંતિ થઈ નહીં. તેણે બાદશાહને ખૂબ ભંભેર્યા અને તેથી બાદશાહે કબીર સાહેબની બાવન પ્રકારે કસોટી કરી. તેમને તલવારથી મારવા પ્રયત્ન કર્યો તો તલવાર આરપાર નીકળી ગઈ અને ટીપું લોહી પણ નીકળ્યું નહીં અને કબીર સાહેબ હસતા જ રહ્યા. પછી ગંગામાં ડુબાડી દેવાનો, અગ્નિમાં બાળવાનો, હાથીના પગ નીચે કચડી નાખવાનો,

વાઘસિંહના ભક્ષ્ય બનાવવાનો આદિ ઘણા પ્રયત્નો તેમને મારી નાખવા માટે કર્યા. પરંતુ સર્વ પ્રયત્નો નિષ્ફળ ગયા અને કબીર સાહેબ હસતા જ રહ્યા. એટલે શેખતકી નરમ પડ્યો અને કબીર સાહેબને ચરણે પડી માફી માગી. ત્યાર બાદ બાદશાહ તથા શેખતકી કબીર સાહેબને માનિકપુર તથા ઝુંસી કે જ્યાં એકવીસ પીરોની કબરો હતી, ત્યાં શેખતકીની પુત્રીની પણ કબર હતી, ત્યાં લઈ ગયા અને શેખતકીએ કબીર સાહેબની છેલ્લી કસોટીરૂપે તેની પુત્રીને કબરમાંથી સજીવન કરવાની પ્રાર્થના કરી. કબર ખોદાવી, શેખતકીની પુત્રીને આહ્‌વાન કરી ઊભી કરી અને જીવતદાન પ્રદાન કર્યું.

## શિષ્યો

તેમની વાણીના પ્રભાવથી તેમની કીર્તિ દૂર દૂર આખા ભારતવર્ષમાં ફેલાઈ. કાશીનરેશ વીરસિંહ વાઘેલા, રિવાંનરેશ વિશ્વનાથસિંહ, પદ્મનાભજી, સર્વાજિત પંડિત, શ્રુતિ ગોપાળજી, તત્ત્વાજી, જીવાજી, જ્ઞાનીજી, રાણી ઈન્દ્રમતી, ભગવાનદાસજી, ધર્મદાસજી, જગજીવનદાસજી આદિ અનેક હિંદુ શિષ્યો તથા શેખતકી, મીરતકી, જહાંગસ્ત બગદાદી, ગોરખપુરનો નવાબ બીજલીખાં પઠાણ આદિ અનેક મુસલમાનો તેમના શિષ્યો થયા.

## વારાણસીમાં ભંડારો

તેમની વધતી જતી પ્રસિદ્ધિને તોડવા બનારસમાં પંડિતોએ કબીર સાહેબના નામથી એક વિશાળ ભંડારાનું ભોજન માટેનું નિમંત્રણ બનારસના સર્વ મહાત્માઓ તથા બ્રાહ્મણોને મોકલ્યું. કબીર સાહેબ તે વાતથી અજાણ હતા. છતાં તેમના નામથી

ભંડારો શ્રી પ્રભુને પૂર્ણ કરવો પડ્યો અને પ્રતિષ્ઠા ઘટવાને બદલે ઊલટી તેમની પ્રતિષ્ઠા ઘણી વધી અને બ્રાહ્મણો, પંડિતો, સંતો તથા મહાત્માઓ તેમની વાહ વાહ પોકારવા લાગ્યા. તેથી કબીર સાહેબે કહ્યું કે –

ના હમ કિયા, ન કરહુગા, ના કુછ કિયા શરીર,
જો કુછ કિયા સો હરિ કિયા, ભયા કબીર કબીર.
યહ મન જબ નિર્મલ ભયા, જૈસે ગંગા નીર,
પીછે પીછે હરિ ફિરે, કહત કબીર કબીર.

## મહાત્માની પ્રતિજ્ઞાપૂર્તિ

એક મહાત્માએ પ્રતિજ્ઞા લીધી કે જેણે કરોડ યજ્ઞ કર્યા હોય તેને ત્યાં જ ભોજન લેવું. તે પ્રતિજ્ઞા ઘણી કઠિન હોવાથી તેના પાલનમાં મહાત્માને ઉપવાસ કરવા પડે તેવી પરિસ્થિતિ ઉદ્ભવી. તેથી મહાત્માની પ્રતિજ્ઞાની પૂર્તિ રૂપ વચન કબીર સાહેબે કહી તેમની પ્રતિજ્ઞા પૂર્ણ કરાવી. તેમણે કહ્યું કે–

સંત મિલન કો જાઈએ, તજિ માયા અભિમાન,
જ્યોં જ્યોં પગ આગે ધરે, કોટી યજ્ઞ સમાન.

તેથી જે વ્યક્તિ માયા, અભિમાન આદિનો ત્યાગ કરી સંતનાં દર્શન કરવા જાય છે તેના ડગલે ડગલે કરોડ યજ્ઞનું પુણ્ય તે પ્રાપ્ત કરે છે અને તેવા ભક્તને ત્યાં તે મહાત્માને ભોજન લેવા અનુરોધ કરી તેમની પ્રતિજ્ઞાપાલન માટે સુલભતા પ્રાપ્ત કરાવી.

## જગન્નાથપુરીમાં કૂબડી સ્થાપના

જગન્નાથપુરીમાં ત્યાંના રાજા શ્રી જગન્નાથજીના મંદિરનું સમારકામ કરાવતા હતા, ત્યારે સમુદ્ર ઊછળીને સઘળી સામગ્રી લઈ જતો હતો. તેથી રાજા પરેશાન હતા. તે વખતે શ્રી કબીર

સાહેબ ત્યાં પધાર્યા અને સમુદ્રની રેતીમાં કૂબડી રોપી સમુદ્રને ત્યાં સુધી રોકી રાખ્યો અને મંદિરના સમારકામનું કાર્ય પૂર્ણ થયું. તે શ્રી કબીર સાહેબની કૂબડીનું સ્થાન આજે પણ જગન્નાથપુરીમાં પ્રસિદ્ધ છે. અને તે જગ્યાએ એક મોટો ચોતરો બંધાવી રાજાએ આ કબીર સાહેબની કૂબડી રોપી સ્મારક બનાવ્યું છે. ત્યાં આજે પણ ચારેય વર્ણના લોકો એકસાથે પંગતમાં બેસી ભોજન કરે છે. ત્યાં ન્યાતજાત, ઊંચનીચનો, માનવ માનવ વચ્ચેનો ભેદ નથી. ત્યાં તીર્થવાસીઓને આજે પણ ચરણામૃત મળે છે. શ્રી કબીર સાહેબના શિષ્ય ધર્મદાસજી સાહેબ તથા તેમનાં પત્ની આમીન માતાજીની સમાધિ આજે પણ ત્યાં મોજૂદ છે.

## સર્વાજિત પંડિત સાથે વાર્તાલાપ

તે સમયે વેદશાસ્ત્રનિપુણ એક મહાન વિદ્વાન બ્રાહ્મણ કાશીમાં અનેક પંડિતોને વાદવિવાદમાં હરાવી તેમના સર્વ ગ્રંથો છીનવી લઈ તેમને પરાસ્ત કરતા હતા. તેમને તેમની અગાધ વિદ્યાનો અહંકાર હતો. તેમનું પૂર્વાશ્રમનું નામ સર્વાનંદ હતું. પરંતુ તેમની મહત્ત્વાકાંક્ષા સર્વને શાસ્ત્રાર્થમાં પરાસ્ત કરી સર્વાજિત થવાની હતી. તેમની માતાએ કહ્યું કે જ્યાં સુધી તે કબીર સાહેબને શાસ્ત્રમાં હરાવે નહીં ત્યાં સુધી તે તેને સર્વાજિત નહીં કહે. વારાણસી તે સમયે વિદ્યાના ભંડાર તરીકે હતું. તે હિંદુઓનો ધાર્મિક જ્ઞાનરૂપી ગઢ હતો તેને જીત્યા સિવાય કોઈ પણ વિદ્વાન પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકતો નહીં.

તેઓ બનારસ જઈ શ્રી કબીર સાહેબને મળ્યા અને શાસ્ત્રાર્થ કરવાની ઇચ્છા પ્રદર્શિત કરી. તેમણે કહ્યું: તેઓ શાસ્ત્રવિદ, સર્વ

શાસ્ત્રોના જ્ઞાતા છે. તેમણે મહાન પંડિતોને શાસ્ત્રાર્થમાં હરાવ્યા છે. તેમની માતાએ તેમને તેમની સાથે શાસ્ત્રાર્થ કરી તેમને પરાસ્ત ન કરે ત્યાં સુધી સર્વાજિત કહેવાય નહીં એમ કહી મોકલ્યા છે. શ્રી કબીર સાહેબે કહ્યું કે તમે તમારા જયપત્રમાં લખી લો કે કબીરજી હાર્યા અને સર્વાજિત જીત્યા. તે પ્રમાણે તેમણે લખી લીધું અને માતા પાસે આવ્યા. જયપત્ર માતાજીને વંચાવતાં તેમાં ઊલટું લખેલું જણાયું કે શ્રી કબીરજી જીત્યા અને સર્વાજિત હાર્યા, ત્યારે તેઓ ફરીથી શ્રી કબીર સાહેબ પાસે આવ્યા. અને ફરીથી જયપત્ર લખાવ્યો. ફરીથી જ્યારે તે પત્ર માતાજીને વંચાવવા માંડ્યો ત્યારે ફરી તેમાં ઊલટું લખાણ જોઈ તે શરમિંદા થઈ ગયા. અને કબીર સાહેબના ચરણોમાં નમી પડ્યા. અને પછી શ્રી કબીર સાહેબે તેમની સાથે ઘણા દિવસો સુધી અનેક વિષયો ઉપર શાસ્ત્રાર્થ કર્યો અને તેઓ શ્રી કબીર સાહેબના શિષ્ય બન્યા. તેઓ જ પાછળથી શ્રુતિગોપાળજીના નામથી પ્રસિદ્ધ થયા.

## મગહર પ્રયાણ

તે વખતે એક પ્રચલિત માન્યતા હતી કે કાશીમાં મૃત્યુ થાય તો મુક્તિ મળે અને મગહર કે જે ગોરખપુરથી વીસ માઈલ દૂર છે, ત્યાં મરવાથી ગધેડાની યોનિ પ્રાપ્ત થાય છે. લોકોક્તિ ભ્રમયુક્ત હોવાથી શ્રી કબીર સાહેબે કહ્યું કે–

> મગહર મરે સો ગદહા હોવે, ભલિ પરતીતિ રામ સે ખોવૈ
> મગહર મરે મરણ નહીં પાવે, અંતે મરે તો રામ લજાવૈ.
> ક્યા કાશી ક્યા મગહર ઔરા જો પૈ હૃદય રામ બસુ મોરા.
>
> (બી. શ. ૪૭)

જે ગુરુભક્ત જ્ઞાની અને વિરક્ત પુરુષ મુક્તિ પ્રાપ્ત થશે એમ માનીને કાશીમાં દેહત્યાગ કરે છે, તે પુરુષ રામને લજ્જિત કરે છે. તેનાં જ્ઞાન અને ભક્તિના મહિમાને હલકો પાડે છે. જો હૃદયમાં રામ વર્તમાન છે તો કાશી, મગહર કે અન્ય કોઈ સ્થળની શી મહત્તા છે ? જો કાશીમાં મરવાથી જ મુક્તિ મળતી હોય તો રામનું ભજન, જ્ઞાન આદિની શી જરૂરત ? તેથી તે ભ્રાંતિને મિટાવવા માટે તેમણે દેહત્યાગ માટે મગહર પ્રયાણ કર્યું.

## ચોરાસી સિદ્ધ તથા આમી નદી

ત્યાં ગોરખપંથી તથા નાથપંથીઓના ચોરાસી સિદ્ધોનું સ્થાન હતું. ત્યાં એક સિદ્ધે શ્રી કબીર સાહેબ સાથે સિદ્ધિ માટે યોગચર્ચા કરવાની શરૂઆત કરી અને પોતાની સિદ્ધિના પરિચયરૂપે કૂબડી જમીનમાં રાખી તેના ઉપર આસન લગાવી બેઠા. શ્રી કબીર સાહેબે એક ઝીણો સૂતરનો તાંતણો આકાશમાં અધ્ધર નાખ્યો અને ત્યાં આસન લગાવ્યું તેથી સિદ્ધ પરાસ્ત થયો. વળી તેણે તે સમયે ત્યાં દુષ્કાળ, અનાવૃષ્ટિ પ્રવર્તમાન હતી તેની જમીનમાં પગથી લાત મારી ખાડો બનાવી જળ પેદા કર્યું. શ્રી કબીર સાહેબે કહ્યું કે તેટલા જળથી ત્યાંના સર્વ રહીશોને શો ફાયદો થશે. ત્યારે તે માટે સિદ્ધે પોતાની અસમર્થતા દર્શાવી, એટલે શ્રી કબીર સાહેબે તે જળમાંથી એક રેખા ખેંચી, તેમાંથી જળનો ધોધ વહેવડાવ્યો જે એક મોટી નદીના રૂપમાં પરિણમ્યો. તે ચર્ચા એક આમ્રવૃક્ષની નીચે ચાલી રહી હતી અને તે નદીનો પ્રવાહ પણ ત્યાંથી જ શરૂ થયો છે તેથી તે નદી આમી નદી તરીકે આજે પણ શ્રી કબીર સાહેબની યાદ તાજી કરાવે છે. વળી તે નદી મગહર ગ્રામથી પાંચેક માઈલ દૂર હોવાથી ગ્રામજનોએ

પ્રાર્થના કરવાથી શ્રી કબીર સાહેબે આમી નદીને આદેશ આપ્યો કે તેણે તેનો પ્રવાહ મગહર થઈને આગળ ચલાવવો તેથી તે પ્રવાહ ત્યાંથી પાછો વળી મગહરને અડીને વહે છે જે આજે પણ મહાન ચમત્કાર રૂપે જોવા મળે છે.

## શરીરનું ફૂલોમાં રૂપાંતર

ત્યાર બાદ શ્રી કબીર સાહેબ દેહત્યાગ માટે તેમના નિવાસસ્થાનમાં રૂમ બંધ કરી ચાદર ઓઢી સૂઈ ગયા. તેમના હિંદુ તથા મુસલમાન શિષ્યો તેમના અંતિમ સંસ્કાર માટે વિચારવા લાગ્યા કે દેહને દાટવો કે બાળવો. ત્યાં ચાદર ઉઘાડી જોયું તો તેમનું શરીર મળ્યું નહીં અને ત્યાં ફૂલોનો ઢગલો મળ્યો તેમાંથી અર્ધાં ફૂલો લઈ હિંદુઓએ સમાધિ બનાવી તથા મુસલમાનોએ મકબરો બનાવ્યો. બંને વચ્ચે એક જ દીવાલ છે. તે મકબરો સંવત ૧૫૦૭માં બીજલીમાં પઠાણે બનાવરાવ્યો તેવો ઉલ્લેખ આર્કિયોલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયામાં કરેલો છે. શ્રી કબીર સાહેબનું શરીર અંત સમયે મળ્યું નથી તે બદલ સંત શ્રી રૈદાસજીએ તેમનો ગ્રંથ 'શ્રી રૈદાસજીની બાની' જે બેલ્વેડિયર પ્રેસ, પ્રયાગથી પ્રકાશિત થયેલો છે તે સંગ્રહમાં પૃષ્ઠ ૩૩ ઉપર લખ્યું છે કે, 'નિરગુનકા ગુન દેખા ભાઈ, દેહ સહિત કબીર સિધાઈ.' સંત શ્રી ગરીબદાસજીએ તેમના પ્રાકટ્ય વિશે લખેલું છે કે-

ગગન મંડલસે ઉતરે, સદ્‌ગુરુ પુરુષ કબીર,
જલજમાંહિ પોઢન કિયો, દોઉ દીનકે પીર.

આમ, તેમનું પ્રાકટ્ય તથા અંતર્ધાન દિવ્ય હતાં. ગીતામાં પણ લખ્યું છે કે-

જન્મ કર્મ ચ મે દિવ્યમેવં યો વેત્તિ તત્ત્વતઃ,
ત્યક્ત્વા દેહં પુનર્જન્મ નૈતિ મામેતિ સોઽર્જુન.

શરીરત્યાગ કર્યા પછી પણ ઘણા મહાત્માઓને મળ્યા છે તે પણ તેમની અલૌકિકતાનાં જ્વલંત પ્રમાણ છે. શ્રદ્ધાળુ શુદ્ધ હૃદયવાળા ભક્તોને આજે પણ દિવ્યદેહથી દર્શન આપી કૃતાર્થ કરે છે. કારણ તેઓ નિવૃત્તિ માર્ગના પરમ પ્રધાન અધિકારી પુરુષ આચાર્ય છે અને શાસ્ત્રાદિ અનુસાર અધિકારી અવતારી પુરુષ એક કલ્પ પર્યન્ત પોતાના સૂક્ષ્મ સ્વરૂપમાં વર્તમાન રહે છે અને ભક્તોની ભક્તિ અનુસાર સમય સમય પર પ્રકટ થાય છે. આ પરમ સત્ય સિદ્ધાન્ત છે. બહુધા અનુભૂત છે. પ્રકટ છે.

## જ્ઞાનમાર્ગ

તેમનો જ્ઞાનમાર્ગ વેદાદિ સત્શાસ્ત્ર અનુસાર હોવાથી તે અનાદિ છે. તેથી જ તેમણે કહ્યું છે કે-

લાઈ લાવનહારકી, જાકી લાઈ પર જરૈ,
બલિહારી લાવનહાર કી, છપ્પર બાંચૈ ઘર જરૈ.

(બી. શા. ૭૧)

પરંપરાથી પ્રાપ્ત જ્ઞાનધર્માદિ માર્ગોને શિષ્યો પ્રતિ પ્રાપ્ત કરાવનારની બલિહારી છે, કે જેમના લાવેલા જ્ઞાનાગ્નિથી પર - અનાત્મભેદ બળી જાય છે. અને છપ્પરરૂપ છાયા - આનંદપ્રદ વ્યાપક બ્રહ્માત્મા બચી જાય છે, અને ત્રણ દેહરૂપ ઘર બળી જાય છે, નષ્ટ થાય છે. કેમ કે-

'નિગમ રસાલ ચાર ફલ લાગા, તામે તીન સમાઈ'

વેદ રૂપ આમ્રવૃક્ષમાં અર્થ, ધર્મ, કામ, મોક્ષ, ચાર ફળ નિરૂપિત છે. પરંતુ તેમાં ત્રણ માયિક - નશ્વર છે. એક બ્રહ્માત્મા

સ્વરૂપ મોક્ષ જ સત્ય છે. તે અવિવેકીને માટે દૂરથી દૂર છે.

## સાહિત્ય

તેમના સાહિત્યમાં તેમણે સ્વહસ્ને લખેલો બીજક ગ્રંથ ભારતીય ધર્મસાધનમાં તત્ત્વજ્ઞાનની આધ્યાત્મિક ચેતનાના સર્વોચ્ચ શિખર પર આરોહણ કરવા માટેનું એક પરમ ઉત્કૃષ્ટ સાહિત્યસાધન મધ્યયુગના આધ્યાત્મિક તત્ત્વની અપરોક્ષ અનુભૂતિનો પ્રેરક આમજનતા માટેનું હિંદી ભાષામાં આધુનિક ઉપનિષદ્ છે. તે વાણીમાં એક અનિર્વચનીય સૌંદર્ય રહેલું છે. તેની અભિવ્યક્તિ હૃદયના ઊંડાણમાંથી સીધી આત્મપ્રેરિત છે. તેમાં આત્માનો દિવ્ય સંદેશ તથા સ્વરૂપ-આનંદનો રસ ભરેલો છે. તે અમૃતના પાનથી જડ પણ ચેતનતા પ્રાપ્ત કરી ચેતનમાં તન્મય થઈ જાય છે. તે રામરસાયણથી તરબોળ છે. તેના પાનથી સમસ્ત ભાવનાઓ, કલ્પનાઓ, વાસનાઓ, તૃપ્ત થઈ, શાંત થઈ મનુષ્યને નિર્વાણપદ - જીવનમુક્તિનો આનંદ પ્રાપ્ત થાય છે.

## બીજક

તે ગ્રંથની આજ સુધીમાં ઘણી ટીકાઓ મહાત્માઓ દ્વારા જુદાં જુદાં દષ્ટિબિંદુથી કરવામાં આવેલી છે. તેમાં રિવાંનરેશ શ્રી વિશ્વનાથસિંહજીની ટીકા, ધનૌતી મઠના આચાર્ય શ્રી ભગવાનદાસજી સાહેબની સંક્ષિપ્ત ટીકા - ત્રિજ્યા, બુરાનપુરના આચાર્ય મહાત્મા સંત શ્રી પૂરણદાસજી સાહેબની ભાવાર્થ ટીકા, વિદ્વતચક્રચૂડામણિ, પરમ પૂજ્ય સદ્ગુરુદેવ સ્વામીજી શ્રી હનુમાનદાસજી સાહેબ ષટ્શાસ્ત્રીજી પદવાક્યાર્થદીપિકા શિશુબોધિની ટીકા, સ્વાનુભૂતિ સંસ્કૃત

વ્યાખ્યા જેમાં સાત હજાર શ્લોકોમાં વિસ્તૃત ભાષ્ય છે, તથા ધનૌતી પાઠ ઉપર સ્વાનુભૂતિ વ્યાખ્યા, સંક્ષિપ્ત સારબોધિની ટીકા, આચાર્ય શ્રી પ્રકાશમણિનામ સાહેબની બીજકાર્થ પ્રબોધિની ટીકા, પંડિતજી શ્રી રાઘવદાસજી મહારાજ સાહેબની ટીકા, રાધાસ્વામી સંપ્રદાયના શ્રી મહર્ષિ શિવવ્રતલાલજીની ટીકા, રેવરન્ડ પાદરી અહમદશાહની અંગ્રેજી ટીકા, લેડી હેસનું ડૉ. શ્રી શુકદેવસિંહની સહાયતાથી અંગ્રેજી કાવ્યમાં રૂપાંતર, શ્રી રામરહસ સાહેબની બીજકના સારરૂપ પંચગ્રંથી, પ.પૂ. સંત શ્રી અભિલાષદાસજી સાહેબની પારખ પ્રબોધિની ટીકા, સ્વામી શ્રી બ્રહ્મલીનજીની ટીકા, મહાત્મા શ્રી સુકૃતદાસજી બરારીજીની ટીકા, ડૉ. શ્રી શુકદેવસિંહજીની વિસ્તૃત ભૂમિકા સાથેનું મૂળ બીજક, ડૉ. શ્રી જયદેવસિંહ તથા શ્રી વાસુદેવસિંહની કબીર વાઙ્‌મય ખંડ ૧-૨માં ટીકા, પ.પૂ. શ્રી પિતાશ્રી મણિલાલ તુળશીદાસ મહેતાનું શ્રી પુરણદાસજી સાહેબની ટીકાનું ગુજરાતી રૂપાંતર, હરિહર પુસ્તકાલય - સુરત તરફથી પ્રસિદ્ધ થયેલી ગુજરાતી ટીકા, તથા શ્રી જયંતીલાલ મણિલાલ મહેતા તથા શ્રી ચંદ્રકાંત મણિલાલ મહેતાનું પ.પૂ. શ્રી સદ્‌ગુરુદેવ સ્વામીજી શ્રી હનુમાનદાસજી સાહેબની સંક્ષિપ્ત સારબોધિની ટીકાનું ગુજરાતી રૂપાંતર, ફતુહાસ્થાનના શ્રી પ્રયાગ સાહેબની ટીકા, કબીર ચૌરા કાશીસ્થાનના સંત શ્રી મેહીદાસજી સાહેબની ટીકા, સંત શ્રી હરિદાસજીની ટીકા તથા સંત શ્રી જયરામદેવજી મહારાજની ટીકા, વગેરે વિસ્તૃત સાહિત્ય પ્રકાશન થયેલાં છે. વળી શ્રી કબીર સાહેબનાં અસંખ્ય પદો આશરે એક હજારથી પણ વધુ અને સાખીઓ આશરે દસ હજારથી પણ વધુ

શબ્દાવલિ તથા સાખી ગ્રંથના નામથી પ્રકાશિત થયેલાં છે.

## તેમના વિશે અન્ય પ્રકાશનો

કવિવર શ્રી રવીન્દ્રનાથ ટાગોરે તેમનાં સો પદોનું અંગ્રેજીમાં પદ્યમાં રૂપાંતર કરેલું છે. શ્રી રજનીશજીએ તેમનાં પદોનું વિશ્લેષણ હિંદીમાં તથા અંગ્રેજીમાં બાર પુસ્તકોમાં કરેલું છે. શ્રી ભવાની શંકર શ્રીધર પંડિતે શ્રી કબીર સાહેબનાં ૧૦૧ પદોનું તથા ૮૪૩ સાખીઓનું મરાઠી ભાષામાં પદ્યમાં રૂપાંતર કરેલું છે. શ્રી રંગનાથ એસ. ગોડબોલેએ શ્રી કબીર સાહેબ અને શ્રી જ્ઞાનેશ્વર મહારાજના સાહિત્યમાં રહસ્યૈકતા વિશે શોધગ્રંથ અંગ્રેજીમાં લખેલો છે. શ્રી મહંમદ હીદાયતુલ્લાએ 'કબીર - ધી એપોસલ ઓફ હિંદુ-મુસ્લિમ યુનિટી' વારાણસીથી પ્રસિદ્ધ કરેલું છે. ઈઝાક એ. એઝેકીલે 'કબીર - ધી ગ્રેટ મિસ્ટિક' પંજાબથી પ્રસિદ્ધ કરેલું છે. સૌ. પદ્મિની રાજે પટવર્ધને 'ભારતીય પરંપરા આણિ કબીર - મહારાષ્ટ્ર કે સંદર્ભમેં' પુણેથી પ્રસિદ્ધ કરેલું છે. શ્રી કાન્તિકુમાર ભટ્ટે 'કબીર પરંપરા - ગુજરાતકે સંદર્ભમેં' અલ્લાહાબાદથી પ્રસિદ્ધ કરેલું છે. ડૉ. શ્રીમતી રમેશ શેઠે 'તુકારામ એવં કબીર' ઉપર એક તુલનાત્મક અધ્યયન પ્રસિદ્ધ કરેલું છે. ડૉ. શ્રી હજારીપ્રસાદ દ્વિવેદીએ 'કબીર', શ્રી રામકુમાર વર્માએ 'સંત કબીરકા રહસ્યવાદ', ડૉ. શ્રી ગોવિંદ ત્રિગુણાયતે 'કબીરકી વિચારધારા' આદિ ઘણા લેખકોએ તથા સંતોએ શ્રી કબીર સાહેબના સાહિત્ય ઉપર સંશોધન-ગ્રંથો લખી ડૉક્ટરેટ પ્રાપ્ત કરેલું છે.

## આદર્શ માનવધર્મ

તેમની વાણીમાં આપણને આદર્શ માનવધર્મ જોવા મળે છે. અનેક જન્મોનાં શુભ કર્મનાં પુણ્યથી મનુષ્યજન્મ પ્રાપ્ત થયેલો છે તે બહુ જ દુર્લભ છે. વારંવાર મળતો નથી. વૃક્ષનું પાકું ફળ ડાળી ઉપરથી તૂટી પડે તો તે વૃક્ષ સાથે પુનઃ સંલગ્ન થતું નથીઃ

માનુષ જન્મ દુર્લભ હૈ, બહુરિ ન વારંવાર,
પક્કા ફલ જ્યોં ગિર પરા, બહુરિ ન લાગૈ ડાર.

તેથી મનુષ્યજન્મ પ્રાપ્ત કરીને જે પુરુષ પ્રમાદવશ સદ્ધર્મ, આત્મવિચાર, વિવેકસત્કર્મ કરતો નથી, તેનો જન્મ વ્યર્થ જાય છે, અને તે અનેક યોનિઓમાં ભવસાગરમાં ભટક્યા કરે છે અને પીડિત થાય છેઃ

માનુષ જન્મહિ પાયકે, ચૂકૈ અબકી ઘાત,
જાય પરે ભવ ચક્રમેં, સહૈ ઘનેરી લાત.

તેથી માનવજીવનમાં આચરવા લાયક સંતમતનો સાર કહ્યો છે કે અહમ્-અભિમાન, મમતા, નખથી શિખા પર્યન્તનો વિકાર-કુવિચારનો ત્યાગ તથા સર્વ પ્રાણીમાત્રથી નિર્વૈરતા અને સર્વાત્મરૂપ હરિનું ભજન અર્થાત્ સર્વમાં રામનું બ્રહ્મસ્વરૂપનું દર્શન કર્તવ્ય છેઃ

આપા તજૈ, હરિ ભજૈ, નખશિખ તજૈ વિકાર,
સબ જીવનસે નિર્વૈર રહે, સંત મતા હૈ સાર.
નિર્વૈરી, નિઃકામતા, સાંઈ સેતી સ્નેહ,
વિષયન સે ન્યારા રહે, સંતનકા મત યેહ.

વળી વાણી તથા વર્તનમાં એકતા હોવી જોઈએ. કોઈની સાથે રાગદ્વેષ ન હોવો જોઈએ; અસત્ય, કપટયુક્ત વર્તન કદી ન હોવું જોઈએ.

જૈસી કહે કરૈ પુનિ તૈસી, રાગદ્વેષ નિરુવારૈ,
તામેં ઘટૈ બઢૈ રતિયો નહીં, યહિ વિધિ આપુ સમ્હારૈ.

(બી. સા. ૨૬૩)

આ જીવનની સાધનાનું મૂળભૂત સોપાન છે. આવી રહેણીયુક્ત જીવન હોય તે જ મનુષ્ય ઊર્ધ્વગામી બની શકે છે. તેથી વાણીનો સંયમ ખાસ આવશ્યક છે.

શબ્દ સમ્હારી બોલિયે, શબ્દ કે હાથ ન પાંવ,
એક શબ્દ કરૈ ઔષધિ, એક શબ્દ કરૈ ઘાવ.

(બી. સા. ૩૦૪)

મધુર શબ્દ ઔષધિરૂપ છે જ્યારે કઠોર શબ્દ ઘા પેદા કરી માનસિક ત્રાસથી પીડિત કરે છે. જિહ્વામાં અમૃત રહેલું છે, વિવેક અને વિચારપૂર્વક વાણીના વ્યવહારથી જીવન સ્વર્ગ સમ સુખરૂપ બની શકે છે.

જિહ્વામેં અમૃત બસૈ, જો કોઈ જાનૈ બોલ,
વિષ વાસુકિકા ઉતરૈ, જિહ્વા કરૈ હિલોલ.

વાણીનો સંયમથી વ્યવહારમાં ઉપયોગ કરવામાં આવે તો તે સમસ્ત સંસારને અમૃતમય, પ્રેમમય બનાવી શકે છે. વાણી અને વર્તનમાં જ્યારે એકતા સધાય છે ત્યારે મનુષ્યમાં એક પ્રકારની અદ્દ્ભુત શક્તિ પ્રાપ્ત થાય છે. તેનાથી અંતરની ચેતના પ્રકટ થાય છે:

પૈઠા હૈ ઘટ ભીતરે, બૈઠા હૈ સહચેત,
જબ જૈસી ગતિ ચાહિયે, તબ તૈસી મતિ દેત.

(બી. સા. ૩૩૭)

અંતરાત્મા જ્યોતિ સ્વરૂપે સર્વનાં હૃદયમાં વિરાજમાન છે.

જીવનમાં સર્વ કાર્યો માટે તે પ્રેરણાનો સ્રોત છે. માનવીને દરેક કાર્યમાં અંતરાત્મા માર્ગદર્શન આપતો હોય છે. પરંતુ તે તરફ આપણું દુર્લક્ષ જ આપણને દુ:ખના ભાગી બનાવે છે. અંતરના અવાજને ગ્રહણ કરવા માટે સ્વસ્થ મનની આવશ્યકતા છે. જન્મથી મૃત્યુ પર્યંત મન કદી સ્થિર હોતું નથી. સ્વપ્નમાં પણ જાગ્રતની કોઈ સાધનસામગ્રી ન હોવા છતાં તે અનંત સૃષ્ટિની રચના કરે છે:

યહ મન ચંચલ યહ મન ચૌર, યહ મન શુદ્ધ ઠગહાર,
મન મન કહત સુરનર મુનિ, મન કે લક્ષ દ્વાર.
(બી. સા. ૧૦૪)

મન ચંચલ, ચોર, ઠગ પણ છે અને શુદ્ધ પણ છે. તેથી તેના શુભત્વનો ઉપયોગ કર્તવ્ય છે. કારણ તે લક્ષદ્વારેથી ચંચળતાયુક્ત હોવાથી ચલાયમાન રહે છે. તે મદમસ્ત હાથી જેવું છે. તેથી કહ્યું છે કે–

મનકા કહા ન કીજીએ, જહાં તહાં લે જાય,
મનકો એસા મારિયે, ટુક ટુક હો જાય.

મન જ્યાંત્યાં ભટકાવી દુ:ખ પ્રાપ્ત કરાવે છે માટે તેનો નિગ્રહ, ક્ષીણતા, એકાગ્રતા આવશ્યક છે. શુભ કર્મ, સત્સંગ, ગુરુસેવા, પરોપકાર આદિથી ચિત્તથી શુદ્ધિ થઈ મન સાત્ત્વિક બને છે. શ્રવણ, મનન, નિદિધ્યાસન તેની ચંચળતા દૂર કરવા માટે અંતરંગ સાધન છે. યજ્ઞ, તપ, વ્રત, દાન તેની શુદ્ધિ માટે બહિરંગ સાધન છે. વિવેક, વૈરાગ્ય, શમદમાદિ ષટ્ સમ્પત્તિ, મુમુક્ષુતા, તિતિક્ષા, યમ, નિયમાદિ અંત:કરણની નિર્મળતા માટે ઉપયોગી છે અને હૃદયની નિર્મળતાથી અજ્ઞાનનો નાશ તથા

સ્વરૂપજ્ઞાનનો અનુભવ પ્રાપ્ત થાય છે. મન, વચન અને કર્મની એકતાથી જ સર્વાત્મા રામનો અનુભવ શક્ય છે.

કહૈં કબીર કૈસે બને, બિનુ કરતે કી દાવ,
યે તીનોં મિલૈં નહીં, સુરતિ, બોલ, સુભાવ.
(બી. સા. ૩૬૧)

તેથી જીવનમાં વ્યવહારશુદ્ધિની ખાસ આવશ્યકતા છે. જો મન વશમાં ન રહે તો શરીરને યોગયુક્તિથી સાધ્ય કરો કે જેથી જેમ ધનુષની પણછને જો કાઢી નાખવામાં આવે તો તીર સાધી શકાતું નથી, તેમ શરીર જો મનને સાથ નહીં આપે તો મન કાંઈ કરી શકશે નહીં:

મન ગયા તો જાને દે, મત જાને દે શરીર,
ઉતરા રોંદ કમાન તે, ક્યોં કર લાગૈ તીર.
(બી. સા. ૨૪૩)

તન રહ્યે મન જાત હૈ, મન રહ્યે તન જાય,
તન મન એકૈ હો રહૈ, હંસ કબીર કહાય.
(બી. ૨. સા. ૫૧)

તેથી તન અને મનની એકતા આવશ્યક છે. તેને માટે કલિયુગમાં તપ સાધન શક્ય નથી, માટે નામચિંતન અર્થાત્ નામીનું ચિંતન, સ્વાત્મચિંતન જ ફક્ત શક્ય છે. તેથી કહ્યું છે કે–

રામનામ તે સુમિરતે, ઉધરે પતિત અનેક,
કહૈં કબીર ના છોડિએ, રામનામકી ટેક.

વાલ્મીકિજી લૂંટારામાંથી શ્રેષ્ઠ ઋષિ બની શક્યા. તેથી રામનામની ટેકને છોડવી જોઈએ નહીં. તેથી સ્મરણનો સાર કહ્યો છે કે –

રગ રગ બોલી રામજી, રોમ રોમ રહંકાર,
સહજેહી ધૂન હોત હૈ, સોઈ સુમિરન સાર.

નસેનસમાં રામનું રટણ થવું જોઈએ. રક્તના કણોમાંથી પણ રામનામનો અવાજ આવવો જોઈએ. તેનાં સ્પંદનોથી રગેરગ વ્યાપ્ત થવી જોઈએ અને જો તેવી સહજ ધ્યાન-અવસ્થા સર્વમાં રામનાં દર્શનની સ્થિતિ દઢ થાય તો તે સુમિરનની પરાકાષ્ઠા છે:

માલા તો કરમેં ફિરૈ, જીભ ફિરૈ મુખ માંય,
મનુવા તો દહું દિસ ફિરૈ, યહ તો સુમિરન નાય.

મન જો દશે દિશાઓમાં ભટકતું રહે અને માળા હાથમાં ફરતી રહે અને જીભથી નામોચ્ચારણ થતું રહે તો તે સાચું સ્મરણ નથી. મનની એકાગ્રતા જ સાચું સ્મરણ છે.

સહજેહી ધૂન હોત હૈ, પલ પલ ઘટહી માહિ,
સુરત શબ્દ મેલા ભયા, મુખકી હાજત નાહિ.

મન સ્થિર થાય તો હૃદયમાં સ્વાભાવિક સહજ ભાવથી નામનો જાપ ચાલ્યા કરે, અને મનની વૃત્તિનું નિજાત્મ સ્વરૂપ સાથે અનુસંધાન થાય ત્યારે મુખથી નામ જપવાની જરૂરત રહેશે નહીં. જેનું મન વાસનારહિત થયેલું છે તેને માટે જપની આવશ્યકતા રહેતી નથી.

વ્યાવહારિક જીવનમાં સત્ય, અહિંસા, અસ્તેય, અકામ, અક્રોધ, અલોભતા આવશ્યક છે. તેથી કહ્યું છે કે-

સાંચહિ શાપ ન લાગહિં, સાંચહિ કાલ ન ખાય.
સાંચહિ સાંચા જો ચલે, તાકો કાહ નશાય.

(બી. સા. ૩૪૩)

સબહિ તે સાંચા ભલા, જો દિલ સાંચહી હોય,
સાંચ બિના સુખ નાહિ હૈ, કોટી કરૈ જો કોય.
(બી. સા. ૬૦)

વ્યવહારમાં સુખ માટે સત્યનું શરણ જ જરૂરનું છે. અસત્ય વ્યવહાર જીવનને દુ:ખરૂપ બનાવે છે. પ્રાણીમાત્રમાં પ્રેમભાવના રાખી કોઈની હિંસા ન કરો:

જીવ મત મારો બાપુરા, સબકા એકહિ પ્રાણ,
હત્યા કબહુ ન છુટિ હે કોટી સુનહુ પુરાણ.
(બી. સા. ૨૧૯)

મન, વચન, કર્મથી પણ હિંસા કદી ન કરો. કારણ હત્યાના કર્મનું ફળ અવશ્ય ભોગવવું પડશે. અહિંસાના પાલનથી શીલ-સદાચારના ગુણો સ્વાભાવિક રીતે પ્રાપ્ત થાય છે. અપરિગ્રહવ્રત. પણ સામાજિક જીવન માંટે અતિ આવશ્યક છે. તેથી કહ્યું છે કે-

સાંઈ ઈતના દીજિયે, જામેં કુટુંબ સમાય,
મૈં ભી ભૂખા ના રહું, અતિથિ ભૂખા ન જાય.

ધન, સંપત્તિ આદિનો અતિશય સંગ્રહ દુ:ખ રૂપ છે. કુટુંબના નિર્વાહ પૂરતી સામગ્રી મળી રહે તથા અતિથિ-સત્કારની શક્તિ પ્રાપ્ત થાય તેટલાથી જ સંતોષ રાખવો જોઈએ. તેથી જ કહ્યું છે કે-

બહુત પસારા મત કરો, કર થોડેકી આશ,
જિન જિન પસારા બહુત કિયા, સો ભી ગયે નિરાશ.

ધન, સંપત્તિ આદિનો ફેલાવો દુ:ખરૂપ છે કારણ તેની પ્રાપ્તિમાં સુખનો આભાસ છે, પરંતુ તેને સાચવવામાં તથા તે જાય તેના ભયમાં દુ:ખના અંકુરો રહેલા છે. સંસારના દ્વન્દવમાં સુખ પછી

દુ:ખનો ક્રમ નિશ્ચિત છે માટે મધ્યમ અવસ્થામાં જીવન વ્યતીત કરવું શ્રેયસ્કર છે:

સહજ મિલા સો દૂધ બરાબર, માંગ લિયા સો પાની,
ખેંચ લિયા સો રક્ત બરાબર, કહે કબીર બાની.

સહજતાથી પ્રાપ્ત થાય તે અમૃતતુલ્ય ચિત્તની શાંતિ પ્રદાન કરે છે જ્યારે માગવાથી પ્રાપ્ત કરેલી વસ્તુમાં પૂર્ણાનંદ મળતો નથી. અને જેને માટે ખેંચતાણ કરવી પડે તે તો અતિશય દુ:ખપ્રદ છે. તેથી સ્વાભાવિક રીતે જે પ્રાપ્ત થાય તેમાં સંતુષ્ટ રહેવું જોઈએ.

ચાહ ગઈ, ચિંતા ગઈ, મનુવા બેપરવાહ,
જાકો કછુ ન ચાહિયે, સો શાહનપતિ શાહ.

તેથી ઇચ્છા, કામનારહિત અવસ્થા શ્રેષ્ઠ શહેનશાહ જેવી સ્થિતિ છે. તેને દુ:ખ લેશમાત્ર રહેતું નથી.

માનવ માનવ વચ્ચે ઊંચનીચનો ભેદ પણ માનવસર્જિત કલ્પિત છે. 'आदौ कृतयुगे नृणां वर्णो हंस इति स्मृतः' । સત્યયુગમાં મનુષ્યોની હંસ નામની ફક્ત એક જ જાતિ હતી, એમ મનુસ્મૃતિનાં લખેલું છે. વર્ણાશ્રમ ધર્મની પ્રણાલિકા તથા ઊંચનીચના ભેદ પાછળથી રચેલી સામાજિક વ્યવહાર માટેની સ્થિતિ છે. જન્મથી તો સર્વ શૂદ્ર જ હોય છે. સંસ્કારથી તે દ્વિજ કહેવાય છે, અને વેદાભ્યાસથી વિપ્ર કહેવાય છે, અને બ્રહ્મજ્ઞાની બ્રાહ્મણ કહેવાય છે. વળી ચારે વર્ણમાં હરિજન, હરિના ભક્ત શ્રેષ્ઠ માનવી છે. મહાભારતમાં પણ શ્રી શ્વપચભક્તની શ્રેષ્ઠતા તે હરિભક્તિનો જ પ્રભાવ છે. તેથી કબીર સાહેબે કહ્યું છે કે–

ચારોં વરણમેં, હરિજન ઊંચે.
ન માનોં તો શાખ બતાવું, શબરી કે બોર પ્રભુ ખાયે જૂઠે.
પાંડવકે ઘર યજ્ઞ રચ્યો હૈ, શંખ ન બાજ્યો દેવ સબ રૂઠે,
શ્વપચભક્ત જબ ગ્રાસહી લીન્હો, શંખ ગગન ચઢી બાજ્યો ઊંચે.
કહે કબીર ચારોં વર્ણ હૈ નીચે, ભક્તિ કરે સો પદ પાવે ઊંચે.
(બી. વી. પ્રમતિસિ)

વળી કહ્યું કે-

ઊંચ નીચ હૈ મધ્યમ બાની, એકૈ પવન એક હૈ પાની,
એકૈ મટિયા એક કુમ્હારા, કૌન જ્ઞાનસે ભયઉં ન્યારા,
કાલી પીયરી, દુહહુ ગાઈ, તાપર દૂધ દેહુ બિલગાઈ.

જે માયાના સંગથી રહિત છે તે જ ખરેખર છૂતરહિત છે. જેઓ દુરાચારી, હિંસક, જૂઠો વ્યવહાર તથા પરપીડા કરનારા છે, તેઓ જ ખરેખર અછૂત છે. રાવણ ઘણો વિદ્વાન પંડિત, અષ્ટસિદ્ધ અને નવનિધિવાળો હોવા છતાં તેનું આચરણ અશુદ્ધ હોવાથી તે સમાજમાં ઘૃણાસ્પદ બન્યો. તેથી કહ્યું છે કે-

કહહિ કબીર તે છૂત વિવર્જિત, જાકે સંગ ન માયા.

આમ તેમણે માનવ માનવ પ્રત્યે પ્રેમની ભાવના, વિશ્વબંધુત્વ તથા એકતાની ભાવવાનું ખૂબ પ્રતિપાદન કરેલું છે. તેમણે સર્વ પ્રાણીમાત્રમાં પ્રભુનું - સર્વાત્મા રામનું દર્શન તથા નિર્ગુણ, અદ્વૈત, અધ્યાત્મ તત્ત્વની અપરોક્ષ અનુભૂતિ માટેનું ઉત્તમ સાહિત્યનું આમજનતા માટે લોકભોગ્ય ભાષામાં ઘણી જ સરળ શૈલીમાં પ્રદાન કરેલું છે. તે જીવનમાં ઉતારી માનવજીવનની સફળતા પ્રાપ્ત કરવામાં જ આપણું શ્રેય રહેલું છે.

*

# મહામોહ-નિવારક તીસાયંત્ર રૂપ

## ત્રીસ દોહાઓ

(દૈનિક નિત્ય કર્મમાં આચરવા તથા વિચારવા માટે)

જીવ કૃતારથ કારણે ભાષા કીન્હ વિચાર,
તીસાજંતર બૂઝિ કે, ઉતરો ભવ જલ પાર.
કલિ મેં જીવન અલ્પ હૈ, કરિયે બેગિ સમ્હાર,
તપ સાધન નહીં હો સકે, કેવલ નામ અધાર.

આ જીવ અનાદિ કાળથી અજ્ઞાનજન્ય મોહરૂપ રાત્રિમાં સૂઈ રહેલો છે, સર્વાત્મારૂપ પ્રત્યક્ષ ઉપસ્થિત રામને તે સમજતો નથી. મિથ્યા સંસારસ્વપ્નને જોઇ રહ્યો છે અને તે સ્વપ્નાંતર કાળમાં અનેક જન્મ નિરર્થક વીતી ગયા અને એક વાર પણ તે મોહથી રહિત થઈ જાગ્રત થઈ શક્યો નહીં. તેથી જીવને સંસાર-સાગરથી મુક્ત કરવા સદ્ગુરુએ હિંદી ભાષામાં સંક્ષિપ્ત રીતે તીસાયંત્ર રૂપ ત્રીસ દોહાઓ દૈનિક નિત્ય કર્મ રૂપે આચરણ કરવા માટે તથા વિચારવા માટે કહેલ છે. કારણ કલિયુગમાં માનવજીવન બહુ અલ્પ આયુષ્યવાળું હોવાથી તપ સાધન વગેરે કાંઈ પૂર્ણ રીતે થઈ શકે નહીં. તેથી નામથી લક્ષિત કેવળ નિર્ગુણ-શુદ્ધ સત્ય-તત્ત્વનો આધાર લઈ માનવજીવનની સફળતાને સાધ્ય કરી શકાય.

પ્રેમ જગાવૈ વિરહ કો, વિરહ જગાવૈ પીવ,
પીવ જગાવૈ જીવકો, વહી પીવ સોઈ જીવ. ૧

સાત્ત્વિક પ્રેમ ઉત્કટ વૈરાગ્ય અને પ્રબળ મોક્ષેચ્છાને જાગ્રત કરે છે. અને તે પ્રબળ ઇચ્છા સદ્ગુરુનું પ્રત્યક્ષ પરિચય કરાવે છે. અને સદ્ગુરુ જીવને અજ્ઞાન, મોહ આદિથી રહિત કરે છે.

સ્વપ્નથી રહિત સત્ય સ્વરૂપની સ્થિતિમાં પીવ તથા જીવમાં ભિન્નતા રહેતી નથી. બંનેનાં સ્વરૂપ અભિન્ન બને છે. ધ્રુવને પ્રભુપ્રેમની ઉત્કટ ઈચ્છાથી ગુરુ નારદજીના ઉપદેશ દ્વારા પ્રભુપ્રાપ્તિ માટે વિરહ જાગ્રત થયો, અને તેથી પ્રભુનાં પ્રત્યક્ષ દર્શન કર્યાં અને પ્રભુએ પ્રસન્ન થઈ તેને જ્ઞાન આપ્યું. તેવી જ રીતે પરમ સંત શ્રી તત્ત્વાજી તથા જીવાજી કે જેમના નિમિત્તથી ગુજરાતમાં શુક્લતીર્થ પાસે પ્રસિદ્ધ કબીરવડની સ્થાપના થઈ તેમને ગુરુપ્રાપ્તિની ઉત્કટ વિરહવેદના જાગ્રત થવાર્થા પરમ સંત શ્રી રામાનંદ સ્વામીની જમાતમાં શ્રી કબીર સાહેબ સદ્‌ગુરુ રૂપે પ્રાપ્ત થયા અને તેમના પાવન ચરણોદકથી વડની સૂકી ડાળીમાં કૂંપળો ફૂટી અને સમય જતાં તે વિશ્વવિખ્યાત કબીરવડ થયો. તેમને શ્રી કબીર સાહેબે બીજક જ્ઞાનનો ઉપદેશ આપી જીવનમુક્ત સ્થિતિ પ્રાપ્ત કરાવી. તેનો ઉલ્લેખ પરમ સંત શ્રી નાભાદાસજી ગોસ્વામીજીની ભક્તમાળા કે જે સન ૧,૬૦૦ની આસપાસ લખાયેલી છે, તેમાં પણ મળે છે. ૧

પૂજા ગુરુ કી કીજિએ, સબ પૂજા જિહિ માંહિ,<br>
જબ જલ સીંચે મૂલ તરુ, સાખા પત્ર અઘાહિ. ૨

ઉત્કટ વૈરાગ્ય અને પ્રબળ મોક્ષની ઈચ્છા થયા પછી ગુરુની પૂજા કરવી જોઈએ. તે પૂજામાં સર્વ દેવોની પૂજા સમાયેલી છે. સ્કંદપુરાણમાં કહ્યું છે કે 'सर्वेषामेव धर्माणां गुरुपूजा परा मता'। શિવપુરાણમાં કહ્યું છે કે-

ગુરુ પૂજૈવ પૂજા સ્યાચ્છિવસ્ય પરમાત્મનઃ,<br>
ગુરુ શેષં ચ યત સર્વમાત્મશુદ્ધિકરં ભવેત્.

જેમ વૃક્ષના મૂળમાં જળના સિંચનથી વૃક્ષની શાખાઓ તથા

પાંદડાં પુષ્ટ થાય છે, તેમ ગુરુપૂજામાં સર્વપૂજા સમાવિષ્ટ થયેલી છે. ગુરુના સ્વરૂપમાં જ સર્વ દેવો સદા આનંદથી રહે છે. ગુરુના સંતોષથી હરિ પણ સંતોષ પામે છે, અને હરિના સંતોષથી સર્વ દેવો સંતૃપ્ત થાય છે. ૨

પરખો દ્વારા શબ્દકો, જો ગુરુ કહા વિચાર,
બિના શબ્દ કછુ ના મિલૈ, દેખો નૈન ઉઘાર. ૩

ગુરુનો શબ્દ જ્ઞાન, ધ્યાન અને વિચારનું મુખ્ય સાધન છે. તેનાથી લક્ષિત આત્મસ્વરૂપનો અપરોક્ષ અનુભવ પ્રાપ્ત કરો. સદ્‌ગુરુના સત્ય ઉપદેશ વિના સાચો ધર્મ, સાચો માર્ગ, અને મોક્ષ પ્રાપ્ત થતાં નથી. તેથી તે શબ્દ દ્વારા ધ્યેયને પહોંચવા માટે નામનો આધાર લો અને નામ દ્વારા લક્ષિત નામીને ઓળખો. ૩

નામ મિલાવૈ રૂપ કો, જો જન ખોજી હોય,
જબ વહ રૂપ હૃદય બસૈ, ક્ષુધા રહૈ નહીં કોય. ૪

ચિત્તનો આધાર નામ છે. તે નામ તેનાથી લક્ષિત સત્યસ્વરૂપની પ્રાપ્તિ કરાવે છે. નામ જપનાર સાધક જ્યારે વિચાર, સત્સંગપરાયણ થાય છે, ત્યારે તે સત્ય નિજ આત્મસ્વરૂપને હૃદયમાં અનુભવે છે, ત્યારે તેને કોઈ પ્રકારની ક્ષુધા, કામના, તૃષ્ણા, આશા રહેતી નથી. તે માટે સત્સંગ નિત્ય કર્તવ્ય છે. ૪

કરિયે નિત સત્‌સંગકો, બાધા સકલ મિટાય,
ઐસા અવસર ના મિલૈ, દુર્લભ નર તન પાય. ૫

માનવદેહ અતિ દુર્લભ છે. તેથી પ્રતિદિન – આજીવન સત્સંગ કરવો જોઈએ, જેથી સર્વ બાધાઓ, પીડાઓ દૂર થાય.

સંસારનાં વિઘ્નોને પાર કરવા માટે આવો માનવજન્મનો અવસર પુનઃ પ્રાપ્ત થવો દુષ્કર છે. તેથી દાસ બની નમ્રતાયુક્ત સર્વમાં પ્રભુનાં દર્શન કર્તવ્ય છે. ૫

હોય રહે જબ દાસ યહ, તબ સુખ પાવૈ અન્ત,
દેખ રીતિ પ્રહ્લાદ કી, નીરખો સબ મેં કન્ત. ૬

જ્યારે મુમુક્ષુ સત્સંગી, નમ્રતાયુક્ત દાસ, સેવક, ભક્ત થઈ અભિમાનરહિત, સત્સંગપરાયણ રહે છે ત્યારે અંતમાં સુખસ્વરૂપને પ્રાપ્ત કરે છે તથા સત્સંગથી શુદ્ધ થવાથી અંતિમ, સર્વોત્તમ સુખ, બ્રહ્માનંદને પ્રાપ્ત કરે છે. સર્વત્ર સુખસ્વરૂપ બ્રહ્મનાં જ દર્શન કરે છે. તેથી પ્રહ્લાદની ભક્તિના અનુરૂપ તમે પણ સર્વમાં સર્વાત્મા સુખસ્વરૂપ કન્ત - સ્વામી - પ્રભુને દાસભાવથી જુઓ અને સર્વની સાથે પ્રેમભાવથી, મીઠાશથી વર્તન કરો. ૬

મીઠા સબસે બોલિયે, સુખ ઉપજૈ ચહું ઓર,
વશીકરણ યહ મંત્ર હૈ, તજિયે વચન કઠોર. ૭

સર્વની સાથે મધુર, સત્ય, હિતકારક વચન બોલવું જોઈએ કે, જેથી સર્વ સુખી-આનંદિત બને. મનની પ્રસન્નતાથી નિજાનંદ સર્વત્ર અભિવ્યક્ત થાય છે. મધુર વચન શ્રોતાઓનાં મન વશ કરવા માટે મંત્રરૂપ છે. તેથી કઠોર વચનનો ત્યાગ કરી હંમેશાં મધુર વચન બોલવું જોઈએ. મનુસ્મૃતિમાં કહ્યું છે કે, 'सत्यं ब्रुयात् प्रियं ब्रुयात्।' તે સાથે સત્યનો વિચાર પણ કર્તવ્ય છે. ૭

માનો સબ કછુ સત્ય હૈ. જો જાકો વ્યવહાર,
જન્મમરણ દોઉ બનૈ, ફિર હવે દેખુ વિચાર. ૮

સર્વ કાંઈ સત્ય આત્મા જ છે. પરંતુ માયાશક્તિ - ઉપાધિના

લીધે અનંત સ્વરૂપ પ્રતીત થાય છે. વસ્તુતઃ સત્ય એક જ છે. જે ભિન્ન ભિન્ન કર્મ, ઉપાસનાદિ છે તે સર્વ વ્યવહારકાળમાં વ્યાવહારિક સત્ય છે. તે ભિન્ન ભિન્ન ભાસતી સત્તા પણ સત્યાત્મા સ્વરૂપ જ છે. પરંતુ વ્યવહારમાં રહેવાથી જન્મમરણરૂપ દ્વન્દ્વ થયા કરે છે. તેથી સ્થિર ચિત્તથી વિચાર કરી સર્વ સ્વરૂપ એક અખંડ સત્યને ઓળખો. સત્સંગાદિ દ્વારા તેનો અપરોક્ષ અનુભવ કરો. તે પારમાર્થિક સત્ય છે. તેમ વિચાર કરી વ્યાવહારિક ઝઘડાથી દૂર રહો. ૮

ઝઘડા નિત બરાઈયે, ઝઘડા બૂરી બલાય,
દુઃખ ઉપજૈ ચિંતા દહે, ઝઘડામેં ઘર જાય. ૯

કલહ તથા તેના મૂળરૂપ રાગદ્વેષને નષ્ટ કરવા સર્વને સત્યસ્વરૂપ માની સદા ક્ષમાથી ઝઘડાનું નિવારણ કરવું જોઈએ. ઝઘડો દુષ્ટ બલારૂપ છે. તે મોટી વિપત્તિ ઉત્પન્ન કરે છે. તેનાથી દુઃખ થાય છે અને ચિંતા અને શોકથી હૃદય બળ્યા કરે છે. તેથી દેહરૂપ ઘર પણ નષ્ટપ્રાય બને છે. તેથી ગમ ખાઈ જીવન વ્યતીત કરવું જોઈએ. ૯

ગમ સમાન ભોજન નહીં, જો કોઈ ગમ કો ખાય,
અમ્બરીષ ગમ ખાઈયા, દુર્વાસા બિલલાય. ૧૦

ઝઘડાના નિવારણ માટે ગમ એટલે સાત્ત્વિક ધૈર્યરૂપ ઔષધિનું સેવન કરવું જોઈએ. જે કોઈ પુરુષ ધૈર્યથી સહનશીલ તિતિક્ષુ બને છે, તે જાણી શકે છે કે સંસારમાં ગમ (ધૈર્ય) સમાન ઉત્તમ ભોજન બીજું કાંઈ નથી અને તેથી જ અમ્બરીષ રાજાએ ગમ ખાધી, અને દુર્વાસા મુનિએ કરેલા ઉપદ્રવને સહન કર્યો, એટલે દુર્વાસા ઋષિ વ્યાકુળ થઈ ભટકવા લાગ્યા. તેથી ગમનું ભોજન કર્યા પછી

તામસને પી જઈ ચિત્તની શાંતિ પ્રાપ્ત કરવી જોઈએ. ૧૦

તામસ પી શીતલ ભયા, ફિર કછૂ રહી ન પ્યાસ,
ભૃગુ મુનિ મારે લાત સો, પ્રભુ પદ ગહિ જિમિ દાસ. ૧૧

ક્રોધને પીને હૃદયમાં પચાવી દો. જે મનુષ્ય ક્રોધને શાંત કરે છે તે સાત્ત્વિક ધૈર્ય વિચારાદિથી આત્મજ્ઞાન પ્રાપ્ત કરી તૃપ્ત થઈ જાય છે. તેને કોઈ વસ્તુની તૃષ્ણા રહેતી નથી. ભૃગુ મુનિએ ભગવાન વિષ્ણુને વિના અપરાધ લાત મારી, પરંતુ ભગવાને ક્રોધને પી જઈ સાત્ત્વિક રૂપથી ઋષિના પગને પ્રેમભક્તિપૂર્વક પકડી લીધો, તેથી તેઓ સર્વમાં મુખ્ય પૂજ્ય બન્યા. તેવી જ રીતે જે કોઈ આ પ્રમાણે ક્રોધને પી જાય છે, તેને પ્રભુત્વ મળે છે અને પૂજ્ય ગણાય છે. પછી ધર્મ-વિહિત કર્મ ધ્યાન યોગાદિને ધારણ કરી નિજ ધર્મની ધારણા કર્તવ્ય છે. ૧૧

અપને અપને ધર્મમેં, સબ દૃઢ હ્વે સબ કાલ,
ધર્મ જુ નિજ આપન ગહા, સહજે ભયો નિહાલ. ૧૨

ધર્મની રક્ષા કરવી જોઈએ. પોતપોતાના ધર્મમાં સ્થિર રહેવાથી અર્થાત્ અધૈર્ય, નિન્દિત કર્મ હિંસાદિનું સેવન, વિષયપરાયણતા, અનુચિત કામ તથા ક્રોધરૂપ રજોગુણનો ત્યાગ કરી, લોભ, પ્રમાદ, ક્રૂરતા, નાસ્તિકતા, અજ્ઞાનાદિરૂપ તમોગુણથી રહિત થઈ વર્ણાશ્રમ ધર્મમાં સ્થિર રહી, વિવેકમય માનવધર્મ સ્થિર રહેવાથી, સર્વ મનુષ્યો હંમેશાં કામ-ક્રોધાદિને તથા ઇંદ્રિયોને વશમાં રાખવા શક્તિમાન થાય છે. તેમનાથી તે કદી પરાજિત થતો નથી. જેઓ નિજ ધર્મ સદા સેવન કરવા યોગ્ય ગુરુસેવા, ધ્યાન, વિચારાદિ તથા જ્ઞાનવિજ્ઞાનાદિરૂપ અધ્યાત્મતત્ત્વને સમજે છે, ધારણ કરે છે તેઓ સહજમાં જ,

અનાયાસે જ સુખી થઈ મુક્ત થઈ જાય છે. ધર્મની રક્ષા માટે ત્યાગની આવશ્યકતા છે. ૧૨

ત્યાગ તો ઐસા કીજિયે, સબ કછુ એકે બાર,
સબ પ્રભુકા મેરા નહીં, નિશ્ચય કિયા વિચાર. ૧૩

ત્યાગ વિના કોઈ સુખ પ્રાપ્ત કરી શકતું નથી તેમ જ પરતત્ત્વની પ્રાપ્તિ પણ થતી નથી. તેમ નિર્ભયતારૂપ શાંતિ પણ મળતી નથી. તેથી સર્વ વસ્તુઓનો એકીસાથે ત્યાગ કરો, સર્વ કાંઈ પ્રભુનું જ છે, મારું કાંઈ નથી, તેવા નિશ્ચયરૂપ ત્યાગને જ મહાત્માઓએ વિચાર કરીને ખરો ત્યાગ કહેલો છે. તેની પૂર્ણતા માટે અભિમાનને પણ છોડવું જોઈએ. ૧૩

છોડા જબ અભિમાન કો, સુખી ભયા તબ જીવ,
ભાવે કોઈ કછુ કહે, મેરે હિય નિજ પીવ. ૧૪

જ્યારે મનુષ્ય અભિમાનને છોડે છે, ત્યારે જ સુખી થાય છે. દેહાદિનો અહંકાર, ગુણ, વિદ્યાદિનું અભિમાન મનને મોહિત કરે છે. તેથી તેના નિવારણ વિના પરમાર્થનું અપરોક્ષ જ્ઞાન થતું નથી. અભિમાનરહિત મનુષ્ય સમજે છે કે સર્વ વ્યવહાર દેહાદિમય છે. દેહ મિથ્યા છે, સત્ય પીવ સર્વાત્મા પ્રભુ તેના હૃદયમાં વસે છે તેને કોઈ કાંઈ કરી શકતું નથી તેથી તેની તેને ચિંતા રહેતી નથી. તેથી તે સુખી રહે છે. અભિમાન છોડવાથી પરમ સુખ-આનંદની પ્રાપ્તિ થાય છે. ૧૪

સુખ પાવં ગુરુ ધ્યાન સે, થીર ભયા મન મોર,
નીરખો આપા સબન મેં, કેવલ નન્દકિશોર. ૧૫

મનને કલ્યાણવિષયમાં લગાવી, તૃષ્ણાને જીતીને ગુરુના ધ્યાનથી, અનેકમાં મમતા કરનાર, કામવશ મયૂર તુલ્ય નાચનાર

મન, ગુરુના એક સ્વરૂપમાં સ્થિર થઈ સુખની પ્રાપ્તિ કરે છે. તેથી સર્વમાં આત્મસ્વરૂપનું દર્શન કરો. આત્મા કેવળ શુદ્ધ નંદકિશોર-કૃષ્ણ રૂપ છે. પુરાણમાં કહેલું છે કે-

કૃષિર્ભૂવાચક: શબ્દો ણ'ચૈવાનન્દ વાચક:,
તયોરૈક્યં પરં બ્રહ્મ કૃષ્ણ ઈત્યભિધીયતે.

ભૂવાચક સત્યઆનંદને કૃષ્ણ કહેવામાં આવે છે. તેથી સત્યાનંદ સ્વરૂપ આત્માને સર્વમાં જુઓ. તે સર્વ અભિમાનનો ત્યાગ કરવાથી જ પ્રાપ્ત થાય છે. ૧૫

દેખો સબમેં રામ હૈ, એકહિ રસ ભરપૂર,
જૈસે ઉખતે સબ ભયા, ચીની સક્કર ગૂર. ૧૬

સર્વમાં આત્મારૂપ રામ જ રહેલો છે. તે એકરસ નિર્વિકાર પૂર્ણ છે. તોપણ તેની સત્તાથી માયા દ્વારા સર્વ ચરાચર સંસારની ઉત્પત્તિ થયેલી છે. જેમ શેરડીના રસમાંથી જ ગોળ, ખાંડ, ચીની આદિ થાય છે. તેમ રામરૂપ આત્મા જ સર્વનો અધિષ્ઠાન છે. તે જ કેવળ, નિર્ગુણ, ઉજ્જવળ, શુદ્ધ, સૂક્ષ્મ, અનાદિ, સર્વના અંતરમાં અપરોક્ષ ચેતન માત્ર તમથી પર છે તેમ જાણીને, અનિત્ય, અશુચિ, દુ:ખ અનાત્મામાં નિત્ય, શુચિ, સુખ આત્મતા આદિના જ્ઞાનરૂપ ભ્રમને (વિપરિત જ્ઞાનને), વિવેકજ્ઞાનથી નિવૃત્ત કરવો જોઈએ. ૧૬

ભરમ મિટા તબ જાનિયે, અચરજ લગૈ ન કોય,
યહ લીલા હૈ રામકી, નીરખો આપા ખોય. ૧૭

જ્યારે સંસારના સ્વરૂપને જોઈને પણ તેને સ્વપ્નતુલ્ય સમજવાથી તેમાં કોઈ વસ્તુ આશ્ચર્યરૂપ, અદ્દભુત, રુચિકર ન જણાય ત્યારે અજ્ઞાનરૂપ ભ્રમ નિવૃત્ત થયો છે એમ કહી શકાય.

તેથી સાંસારિક આપા-મમતાને જ્ઞાનથી નષ્ટ કરી આત્મારામને સમજો. ભ્રમ નિવૃત્ત થયા બાદ ભ્રમના અધિષ્ઠાન રૂપ સત્યને સમજો. ૧૭

લખિયે અપને રૂપ કો, થીર ભયા સબ અંગ,
કહન સુનન કછુ ના રહી, જ્યોં કા ત્યોં હૈ સંગ. ૧૮

જેના અધિષ્ઠાનમાં સર્વ અંગ સ્થિર થયેલાં છે, જે સર્વ અંગમાં સ્થિર છે, તથા જેને સમજવાથી મહાત્માઓનાં સર્વ અંગ સ્થિર થયેલાં છે, તેમને માટે કહેવા-સાંભળવાનું કોઈ કર્તવ્ય બાકી રહેતું નથી, તે પોતાનું આત્મસ્વરૂપ અસંગ, દેહાદિના સંગમાં પણ જેવું ને તેવું નિત્ય એકરસ, નિર્વિકાર છે, તેમાં સ્થિરતા માટે અહિંસાદિ, શમાદિ ગુણોનું શ્રવણકર્તવ્ય છે. ૧૮

સુનિયે ગુણકી વારતા, અવગુણ લીજૈ નાહિ,
હંસ ક્ષીર કો ગહત હૈ, નીર ત્યાગિ સો જાહિ. ૧૯

ઉક્ત સદ્‌ગુણોની વાર્તાનું હંમેશાં શ્રવણ કરો. જો કોઈ કથાપ્રસંગમાં અવગુણની વાર્તા પણ આવી જાય તો તેને હૃદયમાં ધારણ કરશો નહીં. જેમ હંસ નીરક્ષીરનો વિવેક કરી ક્ષીર ક્ષીરને ગ્રહણ કરે છે અને નીરનો ત્યાગ કરે છે તેમ શમાદિ, આત્મતત્ત્વ, ઈશ્વરાદિની કથાને ગ્રહણ કરી, વિષય, હિંસાદિની કથાનો ત્યાગ કરો. ભૂંડ મળને ગ્રહણ કરે છે, મૂર્ખ અશુભ વાક્યને ગ્રહણ કરે છે પરંતુ જિજ્ઞાસુને માટે તેમ કરવું ઉચિત નથી. શ્રવણ કરી, ઈન્દ્રિયોને વશમાં રાખવી તે જ સર્વથી શ્રેષ્ઠ ગુણ છે. ૧૯

સાધો ઈન્દ્રિય પ્રબલકો, જિહિ તે ઉઠે ઉપાધિ,
મન રાજા બહકાવતે, પાંચો બડે અસાધિ. ૨૦

પ્રબળ શત્રુરૂપ ઈન્દ્રિયોને શ્રવણ વિચારાદિયુક્તિથી સાધો - વશમાં કરો. ઈન્દ્રિયો વશમાં ન હોય તો ઘણી ઉપાધિ થાય છે. તેમાં પણ મન રાજા છે. અંત:કરણરૂપ છે તે વશમાં ન રહેવાથી અન્ય ઈન્દ્રિયોને પણ તે દુષ્ટ વિષયોમાં સંલગ્ન કરે છે. તેથી પાંચે જ્ઞાનેન્દ્રિયો અતિ અસાધ્ય બને છે. કર્મેન્દ્રિયો પણ તેમના અધીન છે. તેથી વિચારાદિથી મનની સાધનાપૂર્વક ઈન્દ્રિયોને વશીભૂત કરવી જોઈએ. તેમ કરવામાં ઈન્દ્રિયોની સહાયક આશાનો પણ નાશ કરવો જોઈએ. ૨૦

મારો આશા સાંપીની, જિન ડસિયા સંસાર,
તાકી ઔષધિ તોષ હૈ, યહ ગુરુ મન્ત્ર વિચાર. ૨૧

આશારૂપી સર્પિણીએ અર્થાત્ ભોગ, વિષય, લોકાદિની આશાઓએ સંસારીને ડસી લીધો છે. વિવેકાદિ શૂન્ય બેસૂધ કરેલો છે, કામીનો કામ ઉપભોગથી શાંત થતો નથી, પરંતુ અગ્નિમાં આહુતિની માફક તે વધતો જ રહે છે. કામ્ય વસ્તુની ઈચ્છા કરનારને જો વિષય પ્રાપ્ત થાય છે તો પુનઃ તેનાથી પ્રબળ બીજી ઈચ્છા તેને બાણની માફક પીડિત કરે છે. તેથી વિષયાદિની આશાને મારો - નિવૃત્ત કરો - સદ્‌ગુરુની પ્રાપ્તિ, વૈરાગ્ય, મોક્ષાદિની આશા તો કર્તવ્ય છે કારણ તેની પ્રાપ્તિ આદિથી તે સ્વયં નિવૃત્ત થાય છે, જ્યારે અન્યાન્ય વિષયોની આશા વધતી જ રહે છે. તેથી તેના નિવારણ માટે ઔષધિરૂપ સંતોષ છે. અને તે ગુરુના મંત્રોની વિચારણાથી પ્રાપ્ત થાય છે. જેમ મલિન દર્પણમાં મુખ દેખાતું નથી, તેમ સંતોષરહિત અશાંત પ્રબળતાથી વિવશ ચિત્તમાં જ્ઞાન પ્રકટ થતું નથી. તેથી સંતોષ જીવનમાં એક રસાયણરૂપ છે. આશાના ત્યાગપૂર્વક

અંતઃકરણની અતિ નિર્મળતા શુદ્ધિ આદિને માટે ન્યાયોત્પાર્જિત ધનનું દાન કર્તવ્ય છે. ૨૧

ભૂખે કો કછુ દીજિયે, યથાશક્તિ જો હોય,
તા ઉપર શીતલ બચન, લખો આતમા સોય. ૨૨

અન્નાદિના ઈચ્છુકને યથાશક્તિ કાંઈ પણ આપવું જોઈએ. જે વસ્તુ પોતાની પાસે હોય, અથવા જે પ્રાપ્ત કરી શકાય તેમ હોય, તેના દાનની સાથે મધુર વચનનું પણ દાન કરો, કેમ કે જે સત્પાત્ર અતિથિ ભિક્ષુ આદિને દાન આપો, તેને ઈશ્વરસ્વરૂપ અથવા પોતાના આત્મસ્વરૂપ માનો. પોતાનાં સુખદુઃખ તુલ્ય તેના સુખદુઃખને જાણીને તેના દુઃખના નિવારણ માટે તેને સુખ આપો તેથી તે પુણ્યકર્મ છે. પરંતુ સૌથી મોટું પુણ્ય પરોપકાર છે. ૨૨

પુણ્ય બડા ઉપકારક હૈ, સબ કે ઉપર ભાખ,
જીવ દયા ચિત રાખિયે, વેદ પુરાણ હું સાખ. ૨૩

નિષ્પક્ષ રીતે સર્વ પ્રાણી ઉપર ઉપકારક તે મોટું પુણ્ય છે. પક્ષપાત, અવિવેક તથા મોહથી તો સર્વ પ્રાણી સ્વભાવથી જ પર-ઉપકાર કરે છે. તે સ્વાભાવિક પ્રવૃત્તિ છે. સર્વ પ્રાણી પોતાનાં બાળકોનું પાલન કરે છે. તેથી જીવો ઉપર દયા રાખી દયાથી પરોપકાર, અન્યની રક્ષા આદિ કરો તો તે મહાન પુણ્ય રૂપ છે તેથી પુણ્યાર્થીને માટે હિંસાનો ત્યાગ કર્તવ્ય છે. ૨૩

હિંસા હી બડ પાપ હૈ, તિહિ સમાન નહીં કોય,
લેખા માંગે ધર્મ જબ, તબ સબ નૌબત હોય. ૨૪

હિંસા ઘણું મોટું પાપ છે. અસત્યાદિ તેની તુલનામાં અલ્પ છે. કેમ કે અસત્ય ભાષણાદિ પણ હિંસાજનક હોવાથી જ પાપરૂપ

બને છે. તે સ્વરૂપથી પાપતુલ્ય નથી પરંતુ હિંસા સ્વરૂપથી પાપરૂપ છે. ધર્મરાજ જ્યારે પરલોકમાં હિંસાના કર્મનો બદલો માગે છે ત્યારે હિંસકની ઘણી દુર્દશા થાય છે. સર્વ પાપોમાં હિંસા મહાન પાપરૂપ છે. કારણ તે બંને લોક–આલોક તથા પરલોકનો નાશ કરનાર બને છે. કીટ, પતંગ પણ કોઈ પ્રકારે મારવાં યોગ્ય નથી. કેમ કે પ્રાણીની હિંસાથી મહાન દુ:ખ પ્રાપ્ત થાય છે. તેના ત્યાગથી જીવનમાં ખુશબો પ્રાપ્ત થાય છે. ૨૪

ખુશબોઈ યશ કી ભલી, ફૈલિ રહી ચહું ઓર,
મલયાગિરિ સુગન્ધ હૈ, પ્રગટ સબૈ જગ શોર. ૨૫

જે ચારે તરફ ફેલાયેલી રહે છે, તેવી શ્રી રામચંદ્રજી આદિ મહાપુરુષોની યશની ખુશબો પુણ્યપ્રદ છે. જેમ મલયાગિરિ ચંદનના જંગલયુક્ત પર્વતની સુગંધ વિસ્તારથી ફેલાયેલી રહે છે તેમ યશસ્વી અપ્રકટ હોય તોપણ તેનો પાવન યશ હંમેશાં પ્રકટ રહે છે. તેની કથાથી અન્યને પણ સુખ થાય છે. યશસ્વી જીવન શોભાયમાન છે. તેથી તેની રક્ષા માટે અપયશરૂપ દુર્ગંધનો ત્યાગ કર્તવ્ય છે. ૨૫

અપયશ કર્મ દુર્ગન્ધ હૈ, નીકો લગૈ ન કોય,
જૈસે મલ કે નિકટમેં, બૈઠિ સકૈ નહીં કોય. ૨૬

અપયશના હેતુરૂપ કર્મ દુર્ગંધયુક્ત છે. તેથી કોઈ પણ સત્પુરુષને તે સુખપ્રદ પ્રતીત થતું નથી. તેવા કર્મ કરનાર પાસે કોઈ બેસવાની ઇચ્છા કરતું નથી. મળની નિકટમાં કોઈ બેસવાની ઇચ્છા કરતું નથી. તેથી યશની રક્ષા માટે ચોરી, વ્યભિચાર, હિંસાદિ દુષ્કર્મ ત્યાગવા યોગ્ય છે; તેને માટે વિવેકાદિની આવશ્યકતા રહે છે અને તેથી ધૈર્ય ધારણ કરવું જોઈએ. ૨૬

ધીર બુદ્ધિ તબ જાનિયે, સમુઝે સબકી રીત,
ઉન કે અવગુણ આપમેં, કબહું ન લાવૈ મીત. ૨૭

જ્યારે બુદ્ધિ સર્વના સદાચારને સમજી પોતે સદાચાર - સુકર્મને ધારણ કરે તથા અન્યના અવગુણોને પોતાની અંદર કદી પ્રવેશ કરવા દે નહીં, ત્યારે તે બુદ્ધિ ધૈર્યયુક્ત છે એમ કહી શકાય. અન્ય વ્યક્તિ મિત્ર હોય તોપણ તેના સંગથી બુદ્ધિ દોષિત ન થાય ત્યારે તે ધૈર્યયુક્ત છે એમ જાણી શકાય. તેથી ધૈર્યને ધારણ કરી, મનને કોઈ ઉદાર લક્ષ્યસ્થાન, વિચાર, ધ્યાનમાં સ્થિર કરવું જોઈએ. ૨૭

મન ઠહરા તબ જાનિયે, અનસૂઝ સબૈ સુઝાય,
જ્યોં અંધિયારે ભવન મેં, દીપક બારિ દિખાય. ૨૮

જ્યારે અનસૂઝ - અદશ્ય આત્મા, બ્રહ્મ, ઈશ્વર, પ્રકૃતિ આદિ સર્વ અનુભૂત થાય, તથા પરોક્ષ પદાર્થ પણ દૂર દેશમાં હોવા છતાં પ્રત્યક્ષ થાય ત્યારે સમજવું કે મન સ્થિર થયું છે. જેમ અંધકારયુક્ત ઘરમાં દીપકના પ્રકાશથી સર્વ પદાર્થો જોઈ શકાય છે તેમ હૃદયમાં વિવેકજન્ય જ્ઞાન પ્રાપ્ત થાય ત્યારે તે મનની સ્થિરતાનું ચિહ્ન કહી શકાય. એકાગ્ર ચિત્તવાળો, દીપતુલ્ય, મનથી આત્મતત્ત્વને, અજ, નિત્ય, અસંગ બ્રહ્માત્મા સમજીને સર્વ બંધનોથી મુક્ત બને છે. તેમ છતાં પ્રારબ્ધાનુસાર સુખદુ:ખનો ભોગ તો અવશ્ય ભોગવવો જ પડે છે. ૨૮

હોવૈ હોની હોય સો, હોનહાર સો હોય,
રામચન્દ્ર વન કો ગયે, સુખ આછત દુ:ખ હોય. ૨૯

જે થવાનું છે તે અવશ્ય થાય જ છે. રામચંદ્રજી જેવા મહાપુરુષોત્તમને પણ ભાર્યા તથા પ્રિય બંધુ સહિત વનમાં જવું

પડ્યું. સર્વ સુખનાં સાધન પ્રાપ્ત હોવા છતાં પણ દુઃખ થયું, તેમ સર્વને આત્મા સુખસ્વરૂપ હોવા છતાં તથા અન્ય સુખનાં સાધન હોવા છતાં પણ મોહ-કામાદિવશ દુઃખ થાય છે તથા જ્ઞાનીને પણ સુખના સાધનરૂપ જ્ઞાનાદિ હોવા છતાં પ્રારબ્ધથી શારીરિક દુઃખ ભોગવવું પડે છે. પ્રારબ્ધથી પ્રાપ્ત અસાધ્ય કર્મનું બળ કે બુદ્ધિથી નિવારણ શક્ય નથી. સાધ્ય રોગતુલ્ય પ્રારબ્ધનું નિવારણ થઈ શકે છે. તેથી સર્વ કોઈ પ્રારબ્ધાધીન હોવા છતાં અહંકારાદિના નિવારણ માટે પુરુષાર્થ સાર્થક છે. જ્ઞાન તથા મોક્ષ તદનુકૂળ વિચારાદિરૂપ પુરુષાર્થથી સાધ્ય છે. તેથી સત્યાત્મા અવિનાશી સ્વરૂપનો વિચાર કર્તવ્ય છે. ૨૯

જો યહ તત્ત્વ વિચારિ કે, રાખે હિય મેં સોય,
સો પ્રાણી સુખ કો લહૈ, દુઃખ ન દરશૈ કોય. ૩૦

જે કોઈ અપરોક્ષ આત્મતત્ત્વનો વિચાર કરી તેનો અનુભવ હૃદયમાં રાખે છે, તે નિત્ય સુખસ્વરૂપને પ્રાપ્ત કરે છે. તેને ક્યાંય પણ દુઃખની વાસ્તવિકતા જણાતી નથી, મનની એકાગ્રતાના અભાવાદિથી ચિત્તમાં અનેક તર્ક ઉદ્‌ભવે છે. તેથી ગુરુને પણ સમજાવવામાં તકલીફ થાય છે, અને તે કદાચ ઊલટું પણ સમજી લે. તેથી આ ત્રીસ દોહાઓમાં નામ, ભજન, પ્રેમાદિ, પૂજાદિના ક્રમથી મનને સ્થિર કરી વિચારને માટે સંક્ષિપ્તમાં ઉપદેશ આપેલો છે. તેથી શિષ્ય અનાયાસ અવશ્ય મુક્ત - સુખી થાય છે. ૩૦

*

## સાખી

સાખી ઑખી જ્ઞાન કી, સમુઝિ દેખુ મન માહિ,
બિનુ સાખી સંસારકી, ઝઘડા છૂટત નાહીં.

(બી. પ. સા. ૫૭)

સાક્ષીસ્વરૂપ આત્માને શુદ્ધ બુદ્ધિજન્ય જ્ઞાનનેત્રથી પોતાના મનમાં વિચાર કરી અપરોક્ષ કરો. જેમ લોકમાં સાક્ષી વિના ઝઘડો પતતો નથી, તેમ જન્મમરણાદિ દ્વન્દ્વરૂપ ઝઘડો સાક્ષીસ્વરૂપના જ્ઞાન વિના છૂટતો નથી. અને સાક્ષીસ્વરૂપનું જ્ઞાન પ્રમાણરૂપ સાર શબ્દ વિના થતું નથી. સત્યાદિ પદ, મિથ્યા જડ, નશ્વર ભેદયુક્ત સર્વ પદાર્થોમાંથી ભિન્ન બ્રહ્મનું બોધક છે. તે બ્રહ્મ જ સર્વ સાક્ષી આત્મા છે, તેના જ્ઞાનથી સંસારદુઃખની નિવૃત્તિ થાય છે.

એક શબ્દમેં સબ કહા, સબહી અર્થ વિચાર,
ભજિયે નિર્ગુણ રામ કો, તજિયે વિષય વિકાર. ૨

(બી. સા. ૩૭૮)

એક અર્ધ સાખી રૂપ ઓંકાર શબ્દમાં જ સર્વ જ્ઞાતવ્ય સગુણ-નિર્ગુણ તથા જડ-ચેતનાદિરૂપ અર્થોને તથા વિચારોને કહેલા છે. તેથી ઓંકારાદિ દ્વારા સદ્‌ગુરુ પાસેથી નિર્ગુણ રામને સમજીને ભજો અને માયાના વિકાર કાર્યરૂપ વિષયાદિનો તથા મનના વિષય કામાદિનો, વિકારી વિષયોનો ત્યાગ કરો.

આધી સાખી શિર કટી, જો નિરૂવારી જાય,
ક્યા પણ્ડિત કી પોથિયા, રાતદિવસ મિલિ ગાય. ૩

(બી. સા. ૨૧)

શિરોબન્ધરહિત લખવામાં આવતી ૐકાર રૂપ આધી સાખી,

અર્ધ વાક્ય એક પદને જો વિવેકપૂર્વક અર્થસહિત સમજવામાં આવે તથા શિર કટી સત્ત્વરહિત માયાનું જો આધી સાખીના અર્થમાત્રથી નિવારણ કરવામાં આવે તો પંડિતોની પોથીઓ કે જેને લોકો રાતદિવસ ગાય છે, ભણે છે, ભણાવે છે, તેની શું જરૂરત છે ?

યહ મન તો શીતલ ભયા, જબ ઉપજા બ્રહ્મજ્ઞાન,
જિહિ વૈસન્દર જગ જરૈ, સો પુનિ ઉદક સમાન. ૪
(બી. સા. ૩૪૨)

સદ્‌ગુરુની ભક્તિ, વંદના આદિથી જેને બ્રહ્મજ્ઞાન થાય છે તેનું અત્યંત તપ્ત મન પણ પરમ શીતલ થઈ જાય છે. કેમ કે વિદારણશીલ કામાદિ અગ્નિથી સંસારી અજ્ઞજીવ બળે છે. તે બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ થતાં જ ઉદકતુલ્ય શીતલ થઈ જાય છે. દુઃખદ કામાદિ બ્રહ્માત્મજ્ઞાનથી નિવૃત્ત થઈ જાય છે.

જા કો મુનિવર તપ કરૈ, વેદ થકે ગુણ ગાય,
સોઈ દેઉં શિખાપના, કહીં ન કોઈ પતિઆય. ૫
(બી. સા. ૧૩૧)

જેની પ્રાપ્તિ, જ્ઞાનને માટે શ્રેષ્ઠ મુનિઓ તપ કરે છે અને વેદ જે એક સર્વાત્માના ગુણોને ગાઈને થાકીને જેને – વચનાગોચર કહે છે, તે જ ઉપનિષદગમ્ય આત્માની શિખામણ, ઉપદેશ, કબીર સાહેબ કહે છે કે હું પણ સુગમ રીતે હિંદી ભાષા દ્વારા આપું છું. પરંતુ અવિવેકી લોકો આ ઉપદેશમાં વિશ્વાસ કરતા નથી. કોઈ વિરલ વિવેકી પુરુષો જ આ ઉપદેશના અધિકારી છે.

ઈક સાધે સબ સાધિયા, એક બિના સબ જાય,
ઉલટી જુ સીંચૈ મૂલ કો, ફૂલૈફલૈ અઘાય. ૬
(બી. સા. ૨૮૦)

એક બ્રહ્માત્મજ્ઞાનને સાધનો દ્વારા પ્રાપ્ત કરવાથી સર્વ પુરુષાર્થ દેવાદિ સાધી શકાય છે. એકને સાધ્ય કર્યા વિના જે અનેક અર્થ કામાદિ સાધ્ય કરવામાં આવે છે તે સર્વ નષ્ટ થાય છે, તેનાથી તૃપ્તિ થતી નથી. તેથી તેમનાથી નિવૃત્ત થઈ જો એકનો અનુભવ સાધ્ય કરવામાં આવે તો જેમ વૃક્ષના મૂળને સિંચન કરવાથી શાખા-પત્રાદિને પણ પહોંચે છે અને તેમાં ફળફૂલ લાગે છે, અને વૃક્ષના સર્વ ભાગો પુષ્ટ થાય છે તેમ અર્થાદિ સ્વયંસિદ્ધ થાય છે.

એક સમાના સકલ મેં, સકલ સમાના તાહીં,
કબીર સમાના બૂઝ મેં, તહાં દૂસરો નાહીં. ૭

(બી. સા. ૨૭૯)

એક જ સચ્ચિદાનંદ બ્રહ્માત્મા આ સર્વ સંસાર તથા શરીરમાં સમરસ, અધિષ્ઠાન, આધારાદિરૂપથી સમાયેલો છે. અને સર્વ સંસાર તે એક આત્મામાં સમાયેલો છે. માયાથી સિદ્ધ છે. કબીર સાહેબ કહે છે કે જેઓ બ્રહ્મના અનુભવને પ્રાપ્ત કરે છે, તેઓમાં કોઈ અન્ય દ્વન્દ્વભાવ રહેતો નથી. તેથી ભાવિ દુઃખાદિની નિવૃત્તિને માટે આત્માનુભવ જ કર્તવ્ય છે.

એકહિ તે અનન્ત અનન્ત, અનન્ત એક હો આયા,
પરિચય ભયા જુ એક તે, એકહિ માહ સમાયા. ૮

(બી. સા. ૧૩૨)

એક સત્યાત્મા જ અનનાનન્ત દેવ, મુનિ, મનુષ્યાદિ સર્વસ્વરૂપ, મન, માયા આદિ ઉપાધિઓથી પ્રતિબિમ્બાદિ દ્વારા થાય છે. તે સર્વ સ્વરૂપ પ્રલયકાળમાં એક થઈને ફરીથી તે ઉત્પન્ન-પ્રકટ થાય છે પરંતુ જે જીવને જ્યારે એક સત્યસ્વરૂપનો

પરિચય - અપરોક્ષાનુભવ - થાય છે, ત્યારે તેની દષ્ટિમાં અત્યંત કલ્પિત ભિન્ન સ્વરૂપ એક સત્ય સ્વરૂપમાં સમાઈ જાય છે. તે એક અનેકથી રહિત ચિત્‌સ્વરૂપમાં લીન - મુક્ત થાય છે.

એક શબ્દ ગુરુદેવ કા, તામે અનન્ત વિચાર,
થાકે જ્ઞાની મુનિવર હું, વેદ ન પાવૈ પાર.

(બી. સા. ૧૩૩)

સદ્‌ગુરુદેવનો એક ઓંકારરૂપ શબ્દ સર્વથી શ્રેષ્ઠ છે, કે જેમાં વિશ્વ, વિરાટ, તૈજસ્, હિરણ્યગર્ભ, પ્રાજ્ઞ, ઈશ્વર, તથા સાક્ષી શુદ્ધ બ્રહ્મરૂપ અનન્ત વસ્તુના અનન્ત પ્રકારથી વિચાર ભરેલા છે. તેમાં આત્મા-અનાત્મા, એક અનેકાદિ સર્વના વિચાર સૂક્ષ્મરૂપથી વર્તમાન છે ત્યાં અનેક અનાત્માના વિચારથી સૌ થાકે છે અને પાર પામી શકતા નથી. એકાત્માના વિચારથી જ્ઞાની થઈ નિર્દ્વંદ્વમુક્ત થાય છે. વેદ પણ તેના વિચારનો પાર - અંત મેળવી શકતા નથી, તેથી 'કો અધ્ધા વેદ', 'નેતિ નેતિ' ઈત્યાદિ કહે છે.

ચૌગોડા કે દેખતે, વ્યાધા ભાગા જાય,
એક અચમ્ભા દેખિયા, મુવા કાલ કો ખાય. ૧૦

(બી. સા. ૧૩૫)

વેદના ઈશારાને સમજ્યા વિના જીવ કાળ, કામાદિથી લૂંટાય છે. પરંતુ ચૌગોડા 'વિશ્વાદિ ચાર પાદયુક્ત' આત્માને ચાર અન્ત:કરણોપહિત રૂપથી જાણતાંની સાથે જ તથા ચાર પાદો સહિત આત્મદેવને જોતાંની સાથે જ કાળ, કામાદિરૂપ સર્વ શિકારીઓ, હિંસક લૂંટારાઓ નાસી જાય છે, અને એક આશ્ચર્ય જોવામાં આવે છે કે જે મહાપુરુષ અભિમાનાદિના ત્યાગથી મૃતક

તુલ્ય થાય છે, તે જ મૃતક તુલ્ય પુરુષ કાળને પણ ખાઈ જાય છે તેથી કાળ, ભયાદિથી રહિત થવા માટે ચતુષ્પાદ આત્માનુભવ કરીને અભિમાનાદિ ત્યાજ્ય છે.

બુન્દ જો પરા સમુદ્રમેં, સો જાનૈ સબ કોય,
સમુદ્ર સમાના બુન્દમેં, બૂઝૈ વિરલા કોય. ૧૧
(બી. સા. ૭૪)

વ્યાવહારિક જીવરૂપ-બુન્દ-સંસારસમુદ્રમાં પડ્યું છે તે સર્વ કોઈ જાણે છે, પરંતુ વાસનાદિરૂપથી સંસાર-બુન્દો-જીવોમાં સમાયેલા છે, તથા જીવોના પારમાર્થિક સ્વરૂપમાં કલ્પિત છે, તેના વિના સંસારમાં ક્યાંય સ્થિતિ નથી, તે અર્થતત્ત્વને કોઈ વિરલા જ સમજી શકે છે.

એક કહૌં તો હૈ નહીં, દોય કહૌં તો ગારિ,
હૈ જૈસે રહહું તૈસે, કહહિં કબીર પુકારિ. ૧૨
(બી. સા. ૧૨૮)

જે સારતત્ત્વના જ્ઞાનથી જીવ મુક્ત થાય છે, તેને જો એક કહેવામાં આવે તો તે એકત્વ સંખ્યારૂપ ગુણવાળું, એકત્વવાળું નથી. તેથી એક કહેવામાં આવે તો ત્યાં એકત્વ નથી, અને જો બે કહેવામાં આવે તો તે ગાળ તુલ્ય છે તેથી એકત્વ-દ્વિત્વાદિથી રહિત જેમ સ્વયં પ્રકાશ શબ્દ અવાચ્ય સ્વરૂપ છે તેમ જ રહો.

તૌં લગિ તારા જગમગે, જૌં લગિ ઉગૈ ન સૂર,
તૌં લગિ જીવ કર્મ વશી, જૌં લગિ જ્ઞાન ન પૂર. ૧૩
(બી. સા. ૨૧૩)

જ્યાં સુધી સૂર્યોદય થતો નથી ત્યાં સુધી જ તારાઓ પ્રકાશે છે. તેવી જ રીતે જ્યાં સુધી પૂર્ણાત્માનું પૂર્ણ-અપરોક્ષાનુભવ

રૂપ જ્ઞાન થતું નથી, ત્યાં સુધી જ જીવ કર્મના વંશમાં સંસારી રહે છે, જ્ઞાનથી કર્મોનો નાશ થાય છે, અને જીવ મુક્ત બને છે.

સંગત કરિયે સાધુકી, હરૈ ઓર કી વ્યાધિ,
ઓછી સંગતિ ક્રૂરકી, આઠો પહર ઉપાધિ. ૧૪
(બી. સા. ૨૧૫)

સત્યાત્મા અને નામાદિ સાધનોને જાણવા માટે જ્ઞાની સાધુની સંગતિ કરવી જોઈએ. કેમ કે તે સંગતિ, અનાદિ અવિદ્યા, કામાદિ વ્યાધિ, રોગને હરે છે. કુસંગનો ત્યાગ કરવો જોઈએ કેમ કે ક્રૂર, શઠની થોડી સંગતિથી પણ આઠે પ્રહર ઉપાધિ થાય છે. સદા મનમાં રાગદ્વેષાદિ ઉત્પન્ન થાય છે. તેથી ક્રૂરની પૂર્ણ સંગત હોય તો તો પછી કહેવું જ શું?

સબ ઘટ મેરા સાંઈયા, સૂની સેજ ન કોય,
બલિહારી વહ પુરુષ કી, જા ઘટ પરગટ હોય. ૧૫

મારો પ્રભુ સર્વ ઘટમાં - પ્રાણીમાત્રમાં રહેલો છે. તેના વિના કોઈ ઘાટ - આસન ખાલી નથી. પરંતુ વિશેષતા તે ઘટની પુરુષની છે કે જેનામાં પ્રભુની સ્પષ્ટ અભિવ્યક્તિ જોઈ શકાય.

કબીર કૂવા એક હૈ, પનિહારી અનેક,
ભિન્ન ભિન્ન સબ ઘટ ભયે, પાની સબમેં એક. ૧૬

કબીર સાહેબ કહે છે કે સર્વાત્મારૂપ ચેતન સ્વરૂપ એક છે. પરંતુ ઘડાયુક્ત પનિહારીઓ અનેક છે. અર્થાત્ ચતુષ્ટય અંતઃકરણની ઉપાધિથી આભાસ રૂપ પનિહારીઓ અનેક છે. તેમની પાસે ઘડા-ચતુષ્ટય અંતઃકરણ જુદાં જુદાં છે. પરંતુ સર્વમાં ચેતન સર્વાત્મા બ્રહ્મસ્વરૂપ એક જ છે.

પ્રીતમ કો પતિયાં લિખું, જો કહૈં હોય વિદેશ,
તનમેં મનમેં નયનમેં, વાકો ક્યા સન્દેશ. ૧૭

જો પ્રભુ - સ્વામી મારાથી દૂર વિદેશમાં હોય તો પત્ર લખવાની આવશ્યકતા રહે. પરંતુ જે તનમાં, મનમાં તથા નયનમાં અનાદિ કાળથી વસેલો છે તેને સંદેશાની શી આવશ્યકતા રહે ? તે તો મારી પાસે જ - મારું જ સ્વરૂપ છેઃ

રમૈ નિરન્તર આતમા, સબ ઘટ આઠો યામ,
તાહીસે સન્તન ધરા, રામ તાસુકા નામ. ૧૮

સર્વાત્મા સર્વ પ્રાણીમાત્રમાં અનાદિ કાળથી વસેલો છે તેથી સંતોએ તેનું નામ રામ રાખેલું છે.

જિહિ ખોજત કલ્પો ગયા, ઘટહિ હતી સો મૂરિ,
બાઢે ગર્વ ગુમાન કે, અંતર પરિગૌ દૂરિ. ૧૯
(બી. સા. ૨૮૯)

રામસ્વરૂપ સર્વ પાપ, તાપનાશક મૂળ ઔષધિ તો ઘટમાં જ હતી અને છે. પરંતુ શરીરાદિનો ગર્વ - અહંકાર અને ગુણ, વિદ્યા, જાતિ આદિનું અભિમાન વધી જવાથી તે મૂળ ઔષધિ દૂર પડી ગઈ છે અર્થાત્ અમાનિત્વ, અદમ્ભિત્વાદિ ગીતા આદિમાં વર્ણિત જ્ઞાનસાધનો વિના સર્વાત્મા રામ અત્યંત દૂર છે.

રામ કહત જગ બીતિયા, કોઈ ભયા ન રામ,
કહહિ કબીર જિન રામહી, તિનકે ભયે સબ કામ. ૨૦
(બી. પ. સા. ૨૩)

રામને દૂર - ભિન્ન માનીને રામ કહેતાં કહેતાં સર્વ સંસારીઓનું જીવન વ્યતીત થઈ ગયું. પરંતુ કહેવા માત્રથી કોઈ રામસ્વરૂપ થયા નહીં. જેમણે સર્વ આશાઓનો ત્યાગ કરી

પોતાના આત્મામાં સ્થિતિ દૃઢ કરી તે રામસ્વરૂપ જ થઈ ગયા, તે કૃતકૃત્ય, તૃપ્ત, મુક્ત થઈ ગયા.

*

## ભજન

(૧)

સાધો રામ બિના કછુ નાહિ,
આગે રામહિ પીછે રામહિ, રામહિ બોલત માહીં.

ઉત્તર રામહિ દક્ષિણ રામહીં, પૂરબ પશ્ચિમ રામા,
સ્વર્ગ પતાલ મહિતલ રામા, સકલ રામ કે કામા.

ઉઠત રામહિ બેઠત રામહિ, જાગત સોવત રામા,
રામ બિના કછુ ઓર ન દરશે, રામ સકલ વિશ્રામ.

સકલ ચરાચર પૂરણ રામા, નીરખો શબ્દ સનેહી,
કાયમ સદા કબહુ ના બિનશૈ, બોલનહારા યેહી.

એક રામકો ભજે નિરંતર, એક રામ મિલિ ગાવૈ,
કહે કબીર રામ કે પરસે, આપા ઠૌર ન પાવૈ.

(૨)

મોકો કહાં ઢુંઢે બંદે, મૈં તો તેરે પાસમેં,
ના તીરથમેં ના મૂરતમેં, ના એકાંત નિવાસમેં.

ના મંદિરમેં ના મસ્જિદમેં, ના કાશી કૈલાસમેં,
ના મૈં જપમેં ના મૈં તપમેં, ના મૈં વરત ઉપાસમેં.

ના મૈં ક્રિયા કર્મ મેં રહતા, નહીં યોગ સંન્યાસમેં,
નહીં પ્રાણમેં નહીં પિણ્ડમેં ન બ્રહ્માણ્ડ અકાશમેં.

ના મૈં ભ્રુકુટી ભંવર ગુફામેં, સબ શ્વાસનકી શ્રસમેં,
ખોજી હોય તુરત મિલિ જાઉં, પલભરકી હી તલાશમેં,
કહહીં કબીર સુનો ભાઈ સાધો, મૈં તો હું વિશ્વાસમેં.

(૩)

પાની મેં મીન પિયાસી, મોહી સુન સુન આવે હાંસી.

આત્મજ્ઞાન બિના નર ભટકે, કોઈ મથુરા કોઈ કાશી,
પિંડદાન દેવૈ પિત્રનકો, ભક્તિ બિના સબ નાસી.

મૃગા કે તન હૈં કસ્તૂરી, સૂંધત ફિરત હૈ ઘાસી,
ઘટમેં વસ્તુ મર્મ ન જાને, ભૂલા ફિરત ઉદાસી.

જાકો ધ્યાન ધરૈ બિધિ હરિહર, મુનિજન સહસ અઠાસી,
સો સાહબ ઘટ માંહીં બિરાજૈ, પરમ પુરુષ અવિનાસી.

હૈ હાજર કો દૂર બતાવૈ, દૂરકી આશ નિરાશી,
કહહીં કબીર સુનો ભાઈ સાધો, ઘટહીમેં મિલે અવિનાસી.

(૪)

ભાઈ રે દુઈ જગદીશ કહાં તે આયા, કહુ કૌને ભરમાયા,
અલ્લાહ રામ કરીમા કેશવ, હરિ હજરત નામ ધરાયા.

ગહના એક કનક તે ગહના, ઈનમેં ભાવ ન દૂજા,
કહન સુનન કો દો કરિં થાપે, ઈક નિમાજ ઈક પૂજા.

વહી મહાદેવ, વહી મહમ્મદ, બ્રહ્મા આદમ કહિયે,
કોઈ હિંદુ કોઈ તુરુક કહાવૈ, એક જિમી પર રહિયે.

વેદ કિતેબ પઢે વે કુતવા, વે મોલના વે પાંડે,
બેગર બેગર નામ ધરાયો, એક મટિયા કે ભાંડે.

કહહીં કબીર ઈ દુનોં ભૂલે, રામહિ કિનહું ન પાયા,
વે ખસ્સી વે ગાય કટાવે, બાદહિ જન્મ ગમાયા.

(૫)

હીરા સો જનમ ગમાયો રે, ભજન બિનુ બાવરે.
ના સંગતિ સાધુન કે કીના, ના ગુરુ દ્વારે આયો રે,
બહિ બહિ મરૈ બૈલ કી નાઈ, જો નિરવે સો ખાયો રે.
યહ સંસાર હાટ બનિયા કે, સબ જગ સૌદે આયો રે,
કાહુન કીના દામ ચૌગુને, કાહુન મૂલ ગમાયો રે.
યહ સંસાર ફૂલ સેમર કા, લાલી દેખ લુભાયો રે,
મારે ચોંચ રૂઆ જબ નિકસ્યો, શિર ધુનિ કે પછતાયો રે.
તૂં બંદે માયા કે લોભી મમતા મહલ ચિનાયો રે,
કહહીં કબીર એક રામ ભજે બિનુ, અંત સમય દુઃખ પાયો રે.

(૬)

ઘૂંઘટ કે પટ ખોલ રે, તોકો પીવ મિલેંગે,
ઘટ ઘટ મેં વહ સાંઈ રમતા, કટુક વચન મત બોલ રે.
ધન યૌવન કે ગર્વ ન કીજૈ, ઝૂઠા પચરંગ ચોલ રે,
શૂન્ય મહલ મેં દિયના બારિ લે, આસન સે મત ડોલ રે.
યોગ યુગત સે રંગ મહલ મેં, પિય પાયો અનમોલ રે,
કહે કબીર આનંદ ભયો હૈ, બાજત અનહદ ઢોલ રે.

(૭)

ઝીની ઝીની બીની ચદરિયા
કાહે કે તાના કાહે કે ભરની, કોન તાર સે બીની ચદરિયા,
ઈંગલા પિંગલા તાના ભરની, સુષમન તાર સે બીની ચદરિયા,
આઠ કમલ દલ ચરખા ડોલૈ, પાંચ તત્ત્વ ગુન તીની ચદરિયા,
સાંઈ કો સિયત માસ દશ લાગે, ઠોક ઠોક કે બીની ચદરિયા,
સો ચાદર સુર નર મુનિ ઓઢિન, ઓઢિ કે મૈલી કીની ચદરિયા,
દાસ કબીર યતન સે ઓઢિન જ્યોં કી ત્યોં ધર દીની ચદરિયા.

(૮)

મન રે તું નેકી કર લે, દો દિન કે મેજમાન.
કહાં સે આયા કહાં જાયગા, તન છૂટે મન કહાં રહેગા,
આખિર તુઝ કો કૌન કહેગા, ગુરુ બિન આતમ જ્ઞાન.
ભાઈ ભતીજા કુટુંબ કબીલા, દો દિનકી તન મનકી મેલા,
અંતકાલ જો ચલા અકેલા, તજ માયા મંડાન.
કૌન હૈ સાચા સાહબ જાના, ઝૂઠા હૈ યહ સકલ જહાના,
કહાં મુકામ ઔ કહાં ઠિકાના, ક્યા બસ્તીકા નામ.
રહટમાલ પનઘટ જ્યોં ફિરતા, આતા જાતા ભરતા રીતા,
યુગન યુગન તૂં મરતા જીતા, મત કરના અભિમાન.
હિલ મિલ રહના દે કે ખાના, નેકી બાત શિખાવત રહના,
કહહીં કબીર સુનો ભાઈ સાધો. જપના નિર્ગુણ નામ.

(૯)

ખલક સબ રૈનકા સપના, સમજ દિલ કોઈ નહિ અપના,
કઠિન હૈ મોહકી ધારા, બહા સબ જાતા સંસારા.
ઘડા જસ નીરકા ફૂટા, પત્ર જ્યોં ડાર સે ટૂટા,
ઐસી નર જાતિ જિંદગાની, સવેરા ચેત અભિમાની.
ભૂલો મત દેખિ તન ગોરા, જગતમેં જીવના થોરા,
તજો મદ લોભ ચતુરાઈ, રહો નિ:સંગ જગ ભાઈ.
સજન પરિવાર સુત દારા, ઉસી દિન હોયેંગે ન્યારા,
નિકસ જબ પ્રાણ જાયેગા, નહીં કોઈ કામ આયેગા.
ભૂલો જનિ દેખિ યહ દેહા, લગાવો નામસે નેહા,
કટે ભ્રમ જાલ કી ફાંસી, કહૈં કબીર અવિનાશી.

# સંતવાણી ગ્રંથાવલી - ૨૦૦૬

| | | કિંમત |
|---|---|---|
| ૧. | જગદ્‌ગુરુ શ્રી આદિ શંકરાચાર્ય | ૧૨-૦૦ |
| ૨. | શ્રીરામકૃષ્ણ પરમહંસ | ૯-૦૦ |
| ૩. | સ્વામી વિવેકાનંદ | ૯-૦૦ |
| ૪. | શ્રી શ્રીમા આનંદમયી મા | ૯-૦૦ |
| ૫. | ભગવાન મહાવીર | ૧૨-૦૦ |
| ૬. | મહાત્મા ગાંધીજી | ૧૬-૦૦ |
| ૭. | ઈશુ ખ્રિસ્ત | ૧૬-૦૦ |
| ૮. | મહર્ષિ વિનોબા ભાવે | ૧૮-૦૦ |
| ૯. | હજરત મહંમદ પયગંબર | ૯-૦૦ |
| ૧૦. | ભગવાન ગૌતમ બુદ્ધ | ૯-૦૦ |
| ૧૧. | સ્વામી સહજાનંદ | ૧૦-૦૦ |
| ૧૨. | અશો જરથુષ્ટ્ર | ૯-૦૦ |
| ૧૩. | ગુરુ નાનકદેવ | ૧૦-૦૦ |
| ૧૪. | સંત કબીર | ૧૦-૦૦ |
| ૧૫. | મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય | ૧૦-૦૦ |
| ૧૬. | શ્રી સ્વામી રામદાસ (કનહનગઢ-કેરાલા) | ૧૦-૦૦ |
| ૧૭. | મહર્ષિ દયાનંદ | ૯-૦૦ |
| ૧૮. | શ્રીમદ્ રાજચંદ્ર | ૧૦-૦૦ |
| ૧૯. | સાધુ વાસવાણી | ૧૦-૦૦ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટા | ૯-૦૦ |
| ૨૧. | શ્રી રમણ મહર્ષિ | ૧૦-૦૦ |
| ૨૨. | મહર્ષિ અરવિંદ | ૧૨-૦૦ |
| ૨૩. | શ્રી રણછોડદાસજી મહારાજ | ૧૦-૦૦ |
| ૨૪. | શ્રી રંગ અવધૂત | ૧૦-૦૦ |
| ૨૫. | શ્રી પુનિત મહારાજ | ૯-૦૦ |
| ૨૬. | સ્વામી મુક્તાનંદ | ૯-૦૦ |
| ૨૭. | સ્વામી શિવાનંદ સરસ્વતી (હૃષીકેશ) | ૧૨-૦૦ |
| ૨૮. | સ્વામી ચિદાનંદ સરસ્વતી | ૧૨-૦૦ |
| | | ૩૦૦-૦૦ |

**આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ.૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.**

રૂ.૨૦૦ (સેટની)

ISBN 81-7229-237-6 (set)